॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥




સત્યં વદ



ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



**પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮**

**મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજ - વેદાન્તાચાર્ય**

વર્ષ ૪૭ સંવત ૨૦૮૨ કારતક, નવેમ્બર - ૨૦૨૫ અંક - ૧૧




**સંપર્ક : ગોરધનભાઈ – ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૪૭ / નવેમ્બર – ૨૦૨૫ / અંક–૧૧


## અનુક્રમણિકા


૦૪ શ્રીમદ્ ભાગવત કથામૃત
કૃષ્ણાબેન એ. બેલડિયા

૦૭ શ્રીમદ્ ભગવદ્ ગીતા
યોગ સુરેશ ગાબાણી

૧૦ દેવતાઓ, દાનવો,....
મહાભારત

૧૧ ભજન
ખુશી ભરોડિયા

૧૨ સુમેરુ - ૮૬ - ૮૭
કાળુભાઈ કોશિયા

૧૩ આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે
કૃષ્ણાબેન જી. સવાણી

૧૫ સારા સ્વભાવનો બીજો નિયમ : સહજ સ્મિત
રમીલાબેન ગાબાણી

૧૭ ક્રોધ એક પ્રકારનું તોફાન છે - નરશીભાઈ વઘાસિયા

૧૮ સત્-અસત્નો વિવેક - ૩.
આયુષી માંગુકીયા

૧૯ પ્રભુમય સ્થિતિ ...
ધ્રુવી સોનાણી

૨૦ ૧૪૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ - ભાવનગર

૨૨ સત્સંગ સમાચાર


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## વેદ રહસ્ય ગ્રાહક સભ્યોને ખાસ સૂચના

(૧) સરનામામાં ફેરફાર કરવા માટે ગ્રાહક નંબર અને ક્રમ નંબર ખાસ લખવો. સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં જૂનું-નવું બંને સરનામાં લખવા તથા મોબાઈલ નંબર લખવો.

(૨) લેખ સંપૂર્ણ આધ્યાત્મને અનુરૂપ હોવા જોઈએ. લેખ એક જ સાઈડમાં આગળ હાંસિયાની જગ્યા છોડીને જ સારા અક્ષરે લખી મોકલાવો. પાછળની સાઈડમાં લખવું નહિ. લેખો આધ્યાત્મને અનુરૂપ નહિ હોય અથવા કોઈપણ પુસ્તકના ઉતારા હશે અને તે લેખો પ્રગટ કરવા જેવા નહિ લાગે તો તંત્રીશ્રી તે લેખો કેન્સલ કરી શકશે અને કેન્સલ કરેલા લેખો લેખકને પરત મોકલવામાં આવશે નહિ.

(૩) જે ગ્રાહક સભ્ય સ્વર્ગવાસ થયા હોય તેનું લવાજમ પુરૂં થયું ગણાય છે. માટે તેના કુટુંબીજનોએ વેદરહસ્ય કાર્યાલયમાં જાણ કરી નવા સભ્ય બની જવું ખાસ પૂજ્ય ગુરુજીની આજ્ઞા છે.

(૪) વાર્ષિક લવાજમ જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીનું જ ગણાય છે.


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક,
વરાછા, સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ

**: સંપાદક (Editor) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

**વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૪૬ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.**


**લવાજમ, લેખો તેમજ સરનામા ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦



| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | - |
| સહાયક | ૩૦૦૦ | - |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય બ્રહ્મલીન પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય કથિત શ્રીમદ્ ભાગવત મહાપુરાણ**

(ગતાંકથી ચાલુ)

**"સમજી મૂકોતો સારું ઘણું, જરૂર મુકાવશે જમજી,**
**નિષ્કુળાનંદ કહે નહીં મટે, સાચું કહું ખાઈ સમજી,**
**...જનની જીવો રે ગોપી ચંદની"**

પછી દુષ્યંત ને શકુન્તલાનો પ્રસંગ બતાવ્યો છે. એનો ભરત નામનો પુત્ર થયો. તે રાજા થયો પછી રંતી દેવનું વર્ણન સંક્ષેપમાં બતાવ્યું કે રંતી દેવે કેટલાય દિવસ સુધી ઉપવાસ કર્યા પછી એને ભોજન મળ્યું. ત્યારે એક બ્રાહ્મણ ભિક્ષા માંગવા આવ્યો. એને ભોજન આપી દીધું બીજો ચાંડાલ આવ્યો એને ભોજન આપી દીધું ત્રીજો આવ્યો તો છેલ્લે પાણી વધ્યું હતું તે પણ આપી દીધું એણે નક્કી કર્યું કે 'મારે કોઈ પ્રકારની ઈચ્છા નથી.'



**न कामयेऽहं गतिमीश्वरात् परामष्ट ॥** ૯-૨૧-૧૨॥

કે મારે કોઈ ગતિની જરૂર નથી, મારા દ્વારા કોઈ પણ તૃપ્ત થાય તો ભગવાન એમાં બધામાં રમી રહેલા છે. આ રીતે રંતી દેવનું જે માનવું છે તે મહાન પ્રશંસનીય છે. એણે પોતે ન ખાઈને બીજાને આપીને નિવૃતિ કરી. પછી પરંપરામાં યદુવંશની અંદર ભગવાન જન્મ ધારણ કરવા માટે તૈયાર થયા.

**यदा यदेह धर्मस्य क्षयो वृद्धिश्च पाप्मनः ।**
**तदा तु भगवानीश आत्मानं सृजते हरिः ॥**૯-૨૪-૫૬॥

જ્યારે જ્યારે અધર્મ વધે છે ને ધર્મ ઓછો થાય છે ત્યારે ધર્મનું રક્ષણ કરવા માટે ને અધર્મનો નાશ કરવા માટે ભગવાન જન્મ ધારણ કરે છે. ગીતામાં ભગવાને કહ્યું, ધર્મનું સ્થાપન કરવા માટે, અધર્મને દૂર કરવા માટે ભગવાન વારંવાર શરીર ધારણ કરીને પૃથ્વી પર આવે છે. પરમાત્મા બધામાં રહેલા છે. જ્યારે જ્યારે પરમાત્માની જરૂર હોય ત્યારે વિશેષ શક્તિ એમાં આવિષ્કાર કરીને તમામ પ્રકારના કામો કરે છે.

**यन्मायाचेष्टितं पुंसः स्थित्युत्पत्त्यप्ययाय हि ।**૯-૨૪-૫૮

જે પરમાત્માની માયાથી આ સૃષ્ટિનું સર્જન, પાલન, વિસર્જન થાય છે. એવા પરમાત્મા પોતાનું શરીર ધારણ કરીને તમામ ભક્તોનું કલ્યાણ કરે છે. આ રીતે નવમાં સ્કંધમાં ભગવાનની આવવાની તૈયારીની કથા સંભળાવી.

**इति नवम् स्कन्धः समाप्त ।**

**॥ हरिः ॐ तत्सत् ॥**

**ॐ तत्सत्**

**ॐ श्री गणेशाय नमः**

**श्रीमद्भागवत महापुराणम्**

**दशम स्कन्धः (નિરોધ લીલા)**

**कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः ।**
**राज्ञां चोभयवँश्यानां चरितं परमाद्भुतम् ॥**
૧૦-૧- ૧

પરીક્ષિત રાજા કહે છે. ભગવાન તમે સૂર્ય ને ચંદ્ર વંશના રાજાની કથા બતાવી. એના દ્વારા મારું મન તૃપ્ત થયું છે. પણ હવે જે ભગવાન અવતાર ધારણ કરે છે, તે કેવી કેવી લીલાઓ કરે છે ? કેવી રીતે

જીવનો ઉદ્ધાર કરે છે ? એ તમામ કથા મને કૃપા કરીને સંભળાવો. શુકદેવજી રાજાને કહે છે કે, હે રાજન ! હવે તને ભૂખ લાગી છે કે નહીં ? પાંચ દિવસથી ફક્ત કથા જ સાંભળે છે કંઈ ખાવું પીવું છે કે નહીં ? તો રાજા કહેવા લાગ્યા

**नैषातिदुः सहाक्षुन्मां त्यक्तोदमपि बाधते ।**
**पिबन्तं त्वन्मुखाम्भोजच्युतं हरिकथामृतम् ॥१०-१-१३**

પરીક્ષિત રાજા કહે છે, 'હે ભગવાન ! મને તમારી કથા રૂપી અમૃતપાન કરવાથી ભૂખ પણ નથી લાગતી ને તરસ પણ નથી લાગતી. જ્યારે ભગવાનમાં મન લાગે ત્યારે બીજું ભૂલાઈ જાય છે. જો કથામાં મન ન લાગે તો પછી ભૂખ જ લાગવા માંડેને ભૂખ ન લાગી હોય તોય ખાવાનું સાંભરે એટલા માટે મન ને એક ધ્યાનથી કથામાં લગાડવું.

**"એક ધ્યાનથી કથા સાંભળજો, ચૂપ બેસીને રૂપાળા રે,**
**શ્રવણ કરીને ઊરમાં ધરજો, ઘેર ન જાશો ઠાલા રે."**

તો આ દશમ સ્કંધનું નામ છે 'નિરોધ લીલા' ''નિરોધ એટલે મનને રોકી લેવું'' કોઈ પણ જગ્યાએ જવા દેવું નહીં બધે જ પરમાત્મા છે. તમારી અંદર પણ પરમાત્મા છે. જો મન સ્થિર કરો તો આનંદની અનુભૂતિ થશે. પરમાત્મા એટલે આનંદ. પણ અજ્ઞાની જીવોને આનંદ શેમાં છે એજ ખબર નથી. એટલા માટે 'ખોટામાં સુખ સમજે છે, ને સુખમાં દુ:ખ સમજે છે. એટલે જીવ ભટક્યા કરે છે.'

**"દુ:ખને સુખ સમજીને દુનિયા દુ:ખનાં વૃક્ષ વધારે રે,**
**પેટ ઊપર બહુ પથ્થર બાંધી ભવજળ તરવા ધારે રે"**

દુનિયા દુ:ખોને સુખ સમજે છે જેમાં સુખ નથી. ગીતામાં ભગવાને કહ્યું છે કે-

**अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ ९-३३-गीता ॥**

જે અનિત્ય હોય એમાં સુખ નથી નિત્યમાં સુખ છે. તો આત્મા નિત્ય છે ને શરીર અનિત્ય છે. પરમાત્મા નિત્ય છે ને સંસાર અનિત્ય છે. જો આત્મસુખ લેશો તો પરમાત્માનું સુખ હંમેશા મળશે. કેમકે એમાં કોઈ દિવસ દુ:ખ નથી. એ તૂટે નહીં, બગડે નહીં, સડે નહીં, લૂંટાય નહીં, ખવાય નહીં, ઓછું થાય નહીં એટલે એમાં આનંદ જ રહે. અને શરીર કોઈ દિવસ સારું રહ્યું નથી ને રહેવાનું નથી. કોઈનું ઘરડું થઈ જાય તો કોઈનું જાડું થઈ જાય. કોઈનું પાતળું થઈ જાય. કોઈનું કાળું થઈ જાય ને કોઈનું વધારે ધોળું થઈ જાય. જાડા શરીરવાળા પાતળા થવા મહેનત કરે ને પાતળા જાડા થવા મહેનત કરે એટલે શરીર તો હંમેશા બગડ્યા કરે ને સુધર્યા કરે એટલે ભગવાનને રોજ પ્રાર્થના કરવી કે, 'હે ભગવાન ! આ શરીરમાં તો રોગો ભર્યા છે. મનમાં કામ, ક્રોધ, લોભ, વિકારો શત્રુઓ ભર્યા છે. શરીર પર કાળ કંપી રહ્યો છે.' એટલે 'હે ભગવાન ! તમે જ સાચા છો. તમારામાં જ આનંદ છે. એટલે હું તમારે જ શરણે આવ્યો છું.' એમ મનને જે ભગવાનમાં લગાડે એ સુખી થાય. તો ભગવાનની મંગળમય કથા છે દશમ સ્કંધ ભગવાનનું હૃદય છે એટલે એમાં ખૂબ મનુષ્યે ભાવ જગાડવો જોઈએ. આમાં તર્ક વિતર્ક ન કરવા. જેટલા તર્ક કરવા હોય તે એકાદશ સ્કંધમાં કરજો. આમાં તો શ્રદ્ધાથી જે કહે તે સ્વીકારી જ લેવાનું જેટલું માનશો એટલો આનંદ થશે. નહીં માનો તો પછી નાસ્તિક થતા જશો. એટલે ખૂબ શ્રદ્ધાથી જે ભાગવતમાં કહે તે જીવનમાં ઊતારવું. કથાનો પ્રસંગ બતાવતા કહે છે, જ્યારે ભૂમિ પર બહુ ભાર વધી ગયો ત્યારે ભૂમિ ફરતી ફરતી બ્રહ્માજી પાસે ગઈ. બ્રહ્માજી વિષ્ણુ પાસે ગયા વિષ્ણુ ભગવાનને બધા દેવોએ પ્રાર્થના કરી કે, 'હવે આ ભૂમિ પર બહુ ભાર વધી ગયો છે. એ ભાર ઊતારવા તમે કૃપા કરો' તો ભગવાને કહ્યું, 'મારી જે માયા છે એ તમારા કામમાં આવશે.'

**विष्णोर्माया भगवती यया सम्मोहितं जगत्।**
**आदिष्टा प्रभुणांशेन कार्यार्थे सम्भविष्यति ॥१०-१-२५॥**

ભગવાને કહ્યું, 'એક આ માયા અને તમે બધા વૃંદાવનમાં ને ગોકુળમાં જુદા-જુદા અવતાર ધારણ કરો. આ અધર્મને દૂર કરવો છે ને ધર્મની સ્થાપના કરવી છે. હું પણ સમય થશે ત્યારે ત્યાં આવી જઈશ.' આ રીતે તમામ દેવોને ને પૃથ્વીને આશ્વાસન આપ્યું. તમામ દેવો પોતાના સ્થાનમાં ગયા. બીજી તરફ દેવકીના લગ્નની તૈયારી થવા લાગી સુંદર હાથી-ઘોડા દેવા માટે તૈયાર કર્યા. કંસ સ્વયં દેવકીનો રથ ચલાવવા તૈયાર થયો રથ જ્યાં બહાર જતો હતો ત્યાં.

**पथि प्रग्रहिणं कंसमाभाष्याहाशरीरवाक्।**
**अस्यास्त्वामष्टमो गर्भो हन्ता यां वहसेऽबुध ॥**

१०-१-३४॥

જ્યારે કંસ રથ લઈને જતો હતો ત્યાં શરીર વગરની વાણી સંભળાણી જેને આપણે આકાશવાણી કહીએ છીએ. ''કે જેને તું લઈને જાય છે એનો આઠમો ગર્ભ તને મારવાવાળો થશે.'' આ કહેવાથી કંસ તો ભડકી ગયો હતો. તો બે ભાગ હોય છે. એક ભક્ત ને બીજો અભક્ત. તો સમજુ હોય તેને મરવાનું સાંભરે ત્યારે ભગવાનને સંભારે ને અણસમજુ હોય તેને મરવાનું સાંભરે ત્યારે પાપ કરવા લાગે. કેમકે એને બિચારાને ખબર નથી હોતી કે પુણ્ય કરવાથી સારું કે પાપ કરવાથી સારું ? પરીક્ષિત રાજાને સાતમે દિવસે મરવાનું છે એમ ખબર પડી એટલે સત્સંગ કરવા બેસી ગયા. અને કંસને મરવાની ખબર પડી ત્યારે પાપ કરવા બેસી ગયો. જે બહેનને લઈને જતો હતો તે બહેનને મારવાની તૈયારી કરવા લાગ્યો.

**वसुदेवो महाभाग उवाच परिसान्त्वयन् ॥१०-१-३६॥**

વસુદેવ શાંત થઈ ને કહેવા લાગ્યા.

**वसुदेव उवाच**

**मृत्यु र्जन्मवतां वीर देहेन सह जायते।**
**अद्य वाब्दशतान्ते वा मृत्युर्वै प्राणिनां ध्रुवः ॥**

१०-१-३८॥

વસુદેવ કહે છે, 'હે રાજન ! મૃત્યુ તો બધાને આવવાનું જ છે પણ પાપ કરવાથી મૃત્યુ કંઈ પાછું જતું નથી. પણ જલ્દી આવે છે. કેમકે જેમ-જેમ પાપનો ઘડો ભરાય તેમ-તેમ મૃત્યુ નજીક આવે છે. એટલા માટે ''હે રાજન ! આ પાપ કરવાનું છોડી દે. મૃત્યુ તો જેનો જન્મ છે એનું છે જ. આજ મરે કે હજાર વર્ષે મરે કોઈનાં શરીર અમર રહ્યા નથી ને રહેશે નહી.'' એણે ઘણું સમજાવ્યો પણ કંસ માન્યો નહી વસુદેવે બીજો ઉપાય કર્યો એણે કહ્યું, કે જો ભાઈ તારે આનાથી કોઈ બીક નથી તારે એના સંતાનોથી બીક છે. તો એમ કરો કે, અમને બંનેને જેલમાં નાંખી દે અને જે સંતાનો થાય એને તું લઈ લેજે એને મારવા હોય તો મારજે ને જીવાડવા હોય તો જીવાડજે. પણ તું આને શા માટે મારે છે ? તો કંસ કહેવા લાગ્યો, 'આ દેવકી રહે તો એને પુત્ર થાય અને મને મારેને એટલે મારે તો ઝાડ મૂળથી કાઢી નાંખવું છે ? તો કહેવા લાગ્યા એમ કરવાથી તું શુરવીર ન કહેવાય. જે તારો શત્રુ હોય એને માર તો જ તું શૂરવીર કહેવાય. જન્મ્યા પહેલા માર એ તારી શૂરવીરતા ન કહેવાય. શૂરવીર તો સામે લડે પાછળથી ન મારે. એટલા માટે તું અમને જેલમાં રાખ ને એના જે સંતાનો થાય એને તારે જે કરવું હોય તે કરજે.' આમ કહેવાથી કંસ ઢીલો પડ્યો વસુદેવ અને દેવકીને જેલમાં રાખ્યા ઘણા દિવસ ત્યાં રહ્યા પછી એ રાજાએ પોતાના પિતાને પણ જેલમાં પૂરી દીધા.

**किं दुःसहं नु साधूनां विदुषां किमपेक्षितम्।**
**किमकार्यं कदर्याणां दुस्त्यजं किं धृतात्मनाम् ॥**

१०-१-५८॥

અને અત્યંત કુકર્મ કરવા લાગી ગયો રાજા અત્યંત અભિમાનમાં ને મોહમાં પડી ને કહે છે :

(વધુ આવતા અંકે) ૩૪૮

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાંતાચાર્ય દ્વારા - સુરત. ૧૯૯૬ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**

ગતાંકથી ચાલુ

સાથી બનાવ્યા, એ લોકો તરી ગયાં, એ જીતી ગયાં, એનો વિજય થયો, એના દ્વારા આપણે ભગવાન ભરવાને સાથી બનાવી સર્વમાં ભગવાનને જોતા જોતા બ્રહ્માનંદના ભાગીદાર થવા માટે આ માનવ જન્મ આપણને મળ્યો છે, તો એ મહાન છે. કેમ કે એ દિવ્ય લાભ મેળવી શકે છે. જે વિશ્વની અંદર અજોડ જે બ્રહ્માનંદ છે, પરમ સુખ છે, એના ભાગીદાર એ માનવો બને છે. તો આ ગીત ઉત્તમ પ્રકારનું શાસ્ત્ર છે, થોડીવાર પણ જે ગીતા ને સાંભળે તે નિર્ભય બની જાય, નિશ્ચિંત બની જાય છે. આનંદમય બને છે. તો આ ગીતાનાં આરંભની અંદર બતાવ્યું ધર્મક્ષેત્રમાં અને કુરુક્ષેત્રમાં તમામ ભેગા થયેલા પાંડુ પુત્રો અને એ લોકો એ શું કર્યું? એના દ્વારા દુર્યોધનને પ્રશ્ન પૂછયો કે આચાર્ય ને કે આ તમારી જે શિષ્યોની સેના છે, તેને તમે જુઓ દુર્યોધને પોતાની સેના ગણવતા કહ્યું -

**અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ।**
**યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ ॥૪॥**

દુર્યોધન આચાર્ય ને કહે છે દ્રૌણાચાર્ય ને કહે છે. આપણી સેનામાં અત્ર શૂરા મહેષ્વાસા કે મહાન મહાન શૂરાઓ પાંડવોની સેનામાં છે. એક ભીમ છે, અર્જુન છે. યુયુધાન છે. વિરાટ રાજા છે. મહારથી દ્રુપદ રાજા પણ પાંડવની સેનામાં છે.

**ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્।**
**પુરુજિત્કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુઙ્ગવઃ॥૫॥**

- કે અત્યંત જે તાકાતવાળા જે ચેકિતાન રાજા છે. કાશિરાજ છે, તે બધા પાંડવની સેનામાં છે, પુરુજિત, કે કુન્તિનો જે ભાઈ છે. અત્યંત એની સેનામાં છે. શૈબ્ય એનામાં છે, અને

**યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્।**
**સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવા મહારથઃ॥૬॥**

સર્વ મહારથી ઓ અત્યંત, અભિમન્યુ, વિક્રાન્ત, ઉત્તમૌજા, વીર્યવાન્, સુભદ્રાનો પુત્ર, દ્રોપદીના પુત્રૌ તમામ લોકો પાંડવોની સેનામાં ભરેલા છે.

**અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્નિબોધ દ્વિજોત્તમ।**
**નાયકા મમ સૈન્યસ્ય સંજ્ઞાર્થ તાન્ બ્રવીમિ તે॥૭॥**

- દુર્યોધન દ્રોણાચાર્યને કહે છે કે, આપણી સેનામાં જે વિશિષ્ટ લોકો જે છે. તેના નામ હું તમને બતાવું જેન તમે જાણીને થોડા તૈયાર થઈ જાવ કે આપણી અંદર

**ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ।**
**અશ્વત્થામા વિકર્ણશ્ચ સૌમદત્તિસ્તથૈવ ચ॥૮॥**

- દ્રોણાચાર્યને કહે છે ''ભવાન'' એક આપ પોતે છો, અને ભીષ્મપિતામહ છે. કર્ણ છે, કૃપાચાર્ય છે. અત્યંત અશ્વત્થામાં તાકાતવાળા છે, વિકર્ણ સૌમદત્તે આ રીતે આપણી અંદર પણ મોટા મોટા મહારથીઓ રહેલા છે.

**અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્ત જીવિતાઃ।**
**નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ॥૯॥**

કે યુદ્ધની અંદર વિશદતા ખુબ સુંદર તત્પરતા મેળવી લીધેલી એવા શુરવીરો આપણા માટે પ્રાણ દેવા તૈયાર છે. એવા મહાન તાકાતવાળા યોદ્ધાઓ આપણી સેનામાં ભર્યા છે.

**અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્।**
**પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્॥૧૦॥**

અપર્યાપ્તના બે અર્થો વિદ્વાનો કરે છે, એક તો અપર્યાપ્ત એટલે મહાન પણ થાય, અપર્યાપ્ત એટલે ઓછુ પણ થાય. એટલે એમાં બે વિશેષણો દીધા કે આપણી સેના ભીષ્મપિતામહ દ્વારા રક્ષાયેલી છે. એટલા માટે અપર્યાપ્ત છે અને પાંડવોની સેના ટૂંકી છે.

પર્યાપ્ત છે, ઓછી છે. આ રીતે બંને સેનાનું વર્ણન કર્યા પછી આગળની વાત કહેતા કહે છે કે-

**આયનેષુ ચ સર્વેષુ યથાભાગમવસ્થિતાઃ।**
**ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ॥૧૧॥**

કે બંને સેનાઓ તૈયાર છે. તો આપણા બધાની ફરજ છે. ભિષ્મપિતામહની રક્ષા કરવી, સેનાપતિની રક્ષા કરવી, સેનાપતિજી આજ્ઞા કરે તેનું પાલન કરવું.

**તસ્ય સંજનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ॥**
**સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શઙ્ખં દધ્મૌ પ્રતાપવાન્॥૧૨**

દુર્યોધનને હર્ષ ઉત્પન્ન કરતા ભીષ્મપિતા-મહે દિવ્ય શંખ વગાડ્યો ચારે તરફ વાતાવરણ યુદ્ધનું તૈયાર થયું.

**તતઃ શઙ્ખાશ્ચ ભેર્યશ્ચ પણવાનક ગોમુખાઃ।**
**સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દસ્તુમુલોડભવત્॥૧૩**

ભીષ્મપિતામહે શંખ વગાડ્યા પછી અનેક પ્રકારની ભૈર્યો વાગવા લાગી ''પણવાનકગૌમુખાઃ'' અનેક પ્રકારના શબ્દો આકાશમાં થવા લાગ્યા.

**તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ।**
**માધવઃ પાણ્ડવશ્ચૈવ દિવ્યૌ શઙ્ખૌ પ્રદધ્મતુઃ॥૧૪**

પછી ધોળા ઘોડા જોડેલા હતા એવાં રથ ઉપર બેસીને ભગવાન કૃષ્ણને પાંડવો એ અર્જુન બન્ને એ દિવ્ય શંખ વગાડવાની તૈયારી કરી.

**પાંચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનંજયઃ।**
**પૌણ્ડ્રં દધ્મૌ મહાશંખ ભીમકર્મા વૃકોદરઃ॥૧૫**

ભગવાને પાંચજન્યં પૌનામનો શંખ વગાડ્યો. દેવદત્ત નામનો શંખ અર્જુને વગાડ્યો. પૌણ્ડ્રં દધ્મૌ મહાશંખ ભીમ કર્મા વૃકોદરઃ ''મહાન પેટવાળા ભીમસેને પૌણ્ડં નામનો શંખ વગાડ્યો.

**અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ।**
**નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ ॥૧૬॥**

કુન્તીના પુત્ર યુધિષ્ઠિરે અનન્ત વિજય નામનો શંખ વગાડ્યો. નકુલ અને સહદેવે સુઘોષ અને મણિપુષ્પક નામના શંખ વગાડ્યા.

**કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથઃ।**
**ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચા સાત્યકિશ્ચા પરાજિતઃ॥૧૭॥**
**દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે।**
**સૌભદ્રશ્ચ મહાબાહુઃ શંખાન્દધ્મુઃ પૃથક્ પૃથક્॥૧૮॥**

બધાય તમામ મહાવીરો એ પોત પોતાનાં જુદાં જુદાં શંખો વગાડ્યા.

**સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયન્।**
**નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્ ॥૧૯॥**

એ ઘોષ! પૃથ્વી અને આકાશને તમામ પુરવા લાગી ગયો ચારે તરફ એનો સુંદર અવાજ થવા લાગ્યો.

**અથ વ્યવસ્થિતાન્દૃષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ।**
**પ્રવૃતે શસ્ત્રસમ્પાતે ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ॥૨૦॥**

- ત્યારે તમામ લોકો વ્યવસ્થિત પોત પોતાની સેનામાં ઉભા રહ્યાં ત્યારે કપિ એટલે હનુમાનજીની ધ્વજા છે. જેના એવા અર્જુને તમામ પ્રકારની ધનુર ઉદ્યમ કરી અને તૈયાર હતો ત્યારે અર્જુન ભગવાનને કહેવા લાગ્યો.

**હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।**

**અર્જુન ઉવાચ :**

**સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેડચ્યુત ॥ ૨૧ ॥**

અર્જુન વદે હે અચ્યુત બંને સેનાની વચ્ચે મારો રથ ઉભો રાખો.

**યાવદેતાન્નિરીક્ષેડહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।**
**કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્ રણસમુદ્યમે ॥ ૨૨ ॥**

અર્જુન ભગવાનને કહે છે. મારે બંને સેનાની વચ્ચે મારો રથ ઉભો રાખો, મારે કોની સાથે લડવાનું છે, કોની સાથે રહેવાનું છે. કોની સાથે કેવી તૈયારી કરવાની છે. બધુ મારે જોઈ લેવું છે.

**યોત્સ્યમાનાનવેક્ષેડહં ય એતેડત્ર સમાગતાઃ ।**
**ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ॥ ૨૩ ॥**

કે જેટલા લોકો યુદ્ધ કરવાવાળા છે, એ બધાને હું જોઈ લવ જે દુર્બુદ્ધીવાળા ધૃતરાષ્ટ્રના પુત્રોનું હીત કરવા કોણ કોણ આવેલા છે, કોણ આપણા પક્ષમાં છે,

બંનેને જોઈ અને પછી આપણું કામ આદરીએ.

**:: સંજય ઉવાચ ::**

**એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત।**
**સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્॥૨૪॥**

સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું કે જ્યારે આ રીતે અર્જુને કહ્યું ત્યારે ભગવાને હૃષીકેશે બંને સેનાની વચ્ચે રથ ઉભો રાખી અર્જુને કહ્યું -

**ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્।**
**ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્કુરૂનિતિ॥૨૫॥**

કે ભગવાને કહ્યું જો આ ભીષ્મપિતામહ છે, દ્રોણ છે. આ બધા લોકો તારી સામે ઉભેલા છે, બધા ને તું જોઈ લે.

**તત્રાપશ્યત્સ્થિતાન્ પાર્થઃ પિતૃનથ પિતામહાન્।**
**આચાર્યાન્માતુલાન્ ભ્રાતૃન્ પુત્રાન્ પૌત્રાન્સખીંસ્તથા॥૨૬॥**

ત્યાં અર્જુને તમામ પોતાના પિતામહોને, પિતાને, આચાર્યોને, મામાઓને ભાઈઓને, ભાઈઓના પુત્રોને, પુત્રના પુત્રોને, મિત્રોને તમામ લોકોને ત્યાં જોયા.

**શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોરુભયોરપિ ।**
**તાન્સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્બંધૂનવસ્થિતાન્ ॥ ૨૭ ॥**
**કૃપયા પરયાવિષ્ટો વિષીદન્નિદમબ્રવીત્ ।**

તમામ સગા-વ્હાલાઓને, કુટુંબીઓને ભાઈઓને ગુરુઓને આચાર્યોઓને જોયાં, ત્યારે અર્જુનનું હૃદય કૃપાવાળુ થઈ ગયું. એટલે ભગવાન કહે છે કે આ અર્જુન જ્યારે કૃપાવાન થયો અને અર્જુન ભગવાનને કહેવા લાગ્યો.

**:: અર્જુન ઉવાચ ::**

**દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્॥૨૮॥**
**સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।**
**વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ॥ ૨૯ ॥**
**ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે ।**

અર્જુન ભગવાનને કહે છે કે ભગવાન આ બધાને જોવાથી મારા જે ગાત્રો છે. શરીરના જે અંગો છે. બધા શિથિલ થઈ જાય છે. મારું મુખ સુકાવવા લાગે છે. શરીર મારું હલવા લાગે છે, ''રોમહર્ષશ્ચ જાયતે'' કે રૂવાડાં મારા ઉભાં થઈ જાય છે. ગાંડીવ મારા હાથમાંથી હેઠું પડતું જાય છે.

**ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥**

અર્જુન કહે કે ભગવાન હું ઉભો રહી શકતો નથી. મારું મન ભ્રમીત થઈ ગયેલું છે.

**નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ।**
**ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ॥ ૩૧ ॥**

અર્જુન કહે છે કે હે કેશવ આ હવે યુદ્ધની અંદર સ્વજનોને મારવામાં સારૂ નિમિત્ત દેખાતું નથી. આ બધા મરી જશે તો પછી રાજ કોણ કરશે?, કોના માટે આ રાજ લેવાનું? શું કરવા આ રાજ લેવાનું? એટલે અર્જુન કહે છે.

**ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ ।**
**કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા ॥૩૨॥**

અર્જુન કહે છે કે ભગવાન ''ન કાક્ષે વજિયં'' હે ભગવાન હવે હું વિજયની ઈચ્છા નથી કરતો કે આ બધાને મારીને વિજય કોના માટે લેવો? તો ભગવાન એમ કહે છે કે વિજય નહી હોય તો તું સુખી નહી થઈશ, તને રાજ્ય નહી મળે? તો કહે ''ન ચ રાજ્યં '' કે છે કે તને રાજ્ય નહી મળે? તો કહે મારે રાજ્યની ઈચ્છા નથી, તો રાજ્ય નહી હોય તો સુખી નહી થા? ''ન સુખાનિ ચ'' અર્જુન કહે છે - મારે વિજય નથી જોઈતો, મારે રાજ્ય પણ નથી જોતું. સુખય નથી જોતું. કેમ કે એ પછી એકની જરરૂ પડે. વિજય થાય તો રાજ મળે, રાજ મળે તો સુખ મળે એટલે અર્જુન કહે છે- મારે રાજ્ય નથી જોતુ, વિજય નથી જોતું સુખય નથી જોતું. ''કિં નો રાજ્યે ન ગોવિન્દ કિં ભોગૈર્જીવતે ન વા'' અર્જુન ત્યાં સુધી કહે છે, મારે જીવવાથી પણ શું ફાયદો? આ બધું જો કુટુંબ મરી જાય. ભીષ્મપિતામહ ચાલ્યાં જાય, દ્રોણાચાર્ય ચાલ્યાં જાય, ગુરુઓ ચાલ્યાં જાય, ભાઈઓ, કુટુંબીઓ બધા મરી જાય તો જીવવું કોના માટે?

(વધુ આવતા અંકે)

(ગતાંકથી ચાલુ...)

**વૈશમ્પાયનજી કહે છે** - 'જનમેજય! હવે હું કયા-કયા દેવતાઓ અને દાનવોએ કયા-કયા મનુષ્યના રૂપમાં જન્મ લીધો હતો, તેનું વર્ણન કરું છું. દાનવરાજ વિપ્રચિત્તિ જરાસંધ અને હિરણ્યકશિપુ શિશુપાલ થયો હતો. સંહ્લાદ શલ્ય અને અનુહ્લાદ ધૃષ્ટકેતુ થયો હતો. શિબિ દૈત્ય દ્રુમ રાજા અને વાષ્કલ ભગદત્ત થયો હતો કાલનેમિ દૈત્યે જ કંસનું રૂપ ધારણ કર્યું હતું ભરદ્વાજ મુનિને ત્યાં બૃહસ્પતિના અંશથી દ્રોણાચાર્ય અવતર્યા હતા. તેઓ શ્રેષ્ઠ ધનુર્ધર ઉત્તમ શાસ્ત્રવેત્તા અને પરમ તેજસ્વી હતા. તેમને ત્યાં મહાદેવ, યમ, કાળ અને ક્રોધના મિશ્ર અંશરૂપે અશ્વત્થામાનો જન્મ થયો હતો. વસિષ્ઠ ઋષિના શાપ અને ઈન્દ્રની આજ્ઞાથી આઠેય વસુ રાજર્ષિ શાંતનુ દ્વારા ગંગાજીના ગર્ભથી ઉત્પન્ન થયા. તેમાં બધાથી કનિષ્ઠ ભીષ્મ હતા. તેઓ કૌરવોના રક્ષક, વેદવેત્તા જ્ઞાની અને શ્રેષ્ઠ વક્તા હતા. તેમણે ભગવાન પરશુરામ સાથે યુદ્ધ કર્યું હતું. રુદ્રના એક ગણે કૃપાચાર્યરૂપે અવતાર લીધો હતો. મરુદ્‌ગણના અંશથી વીરશ્રેષ્ઠ સત્યવાદી સાત્યકિ, રાજર્ષિ દ્રુપદ, કૃતવર્મા અને વિરાટનો જન્મ થયો હતો. અરિષ્ટાનો પુત્ર હંસ નામનો ગંધર્વરાજ ધૃતરાષ્ટ્ર રૂપે પેદા થયો હતો અને તેનો નાનો ભાઈ પાંડુરૂપે જન્મ્યો હતો. સૂર્યના અંશ ધર્મ જ વિદુર નામે પ્રસિદ્ધ થયા. કુરુકુળકલંક દુરાત્મા દુર્યોધન કળિયુગના અંશથી ઉત્પન્ન થયો હતો. તેણે આપસમાં વેરની આગ સળગાવીને પૃથ્વીને ભસ્મ કરી દીધી. પુલસ્ત્યવંશના રાક્ષસોએ દુર્યોધનના સો ભાઈઓના રૂપે જન્મ લીધો હતો. , ધૃતરાષ્ટ્રનો તે પુત્ર, જેનું નામ યુયુત્સુ હતું તે વૈશ્યાના ગર્ભથી ઉત્પન્ન થયો હતો અને આમનાથી અલગ હતો. યુધિષ્ઠિર ધર્મના, ભીમસેન વાયુના, અર્જુન ઈન્દ્રના તથા નકુળ-સહદેવ અશ્વિનીકુમારોના અંશથી ઉત્પન્ન થયા હતા. ચંદ્રમાનો પુત્ર વર્ચા અભિમન્યુ થયો હતો. વર્ચાના જન્મ વખતે ચંદ્રમાએ દેવતાઓને કહ્યું હતું, 'હું મારા પ્રાણપ્રિય પુત્રને મોકલવા ઈચ્છતો નથી, છતાં આ કાર્યથી પાછા હઠવું યોગ્ય લાગતું નથી. અસુરોનો વધ કરવો એ પણ આપણું જ કામ છે. તેથી વર્ચા મનુષ્ય થશે તો ખરો, પરંતુ ત્યાં વધારે દિવસ રહેશે નહિ. ઈન્દ્રના અંશથી નરાવતાર અર્જુન થશે, જે નારાયણાવતાર શ્રીકૃષ્ણ સાથે મિત્રતા કરશે. મારો પુત્ર અર્જુનનો જ પુત્ર થશે. નર-નારાયણની ઉપસ્થિતિ ન રહેવાથી મારો પુત્ર ચક્રવ્યૂહનું ભેદન કરશે અને ભયંકર યુદ્ધ કરીને મોટા-મોટા મહારથીઓને ચકિત કરી દેશે. દિવસભર યુદ્ધ કર્યા પછી સાયંકાળે તે મારી પાસે આવી જશે. તેની પત્નીથી જે પુત્ર થશે તે જ કુરુકુળના વંશનો વિસ્તાર કરશે.' બધા દેવતાઓએ ચંદ્રમાની વાતનું અનુમોદન કર્યું, જનમેજય! તે જ તમારા દાદા અભિમન્યુ હતા. અગ્નિના અંશથી ધૃષ્ટદ્યુમ્ન અને એક રાક્ષસના અંશથી શિખંડીનો જન્મ થયો હતો. વિશ્વેદેવગણ દ્રૌપદીના પાંચેય પુત્રો પ્રતિવિન્ધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ, શતાનીક અને શ્રુતસેન રૂપે પેદા થયા હતા.

વસુદેવજીના પિતાનું નામ શૂરસેન હતું. તેમની એક અનુપમ રૂપવાળી કન્યા હતી, જેનું નામ પૃથા હતું. શૂરસેને અગ્નિની સામે પ્રતિજ્ઞા કરી હતી કે, હું મારું પહેલું સંતાન મારી ફોઈના સંતાનહીન પુત્ર કુન્તિભોજને આપી દઈશ. તેમને ત્યાં પ્રથમ પૃથાનો જ જન્મ થયો, તેથી તેમણે તેને કુન્તિભોજને આપી દીધી. જ્યારે પૃથા નાની હતી ત્યારે તેના પાલક પિતા કુન્તિભોજ પાસે રહેતી હતી અને અતિથિઓનો સેવા-સત્કાર કરતી હતી. એકવાર પૃથાએ દુર્વાસા ઋષિની બહુ સેવા કરી. તેની સેવાથી જિતેન્દ્રિય ઋષિ બહુ પ્રસન્ન થયા. તેમણે પૃથાને એક મંત્ર આપ્યો અને કહ્યું કે, 'કલ્યાણી! હું તારા પર પ્રસન્ન છું. તું આ મંત્રથી જે દેવતાનું આવાહન કરીશ, તેના કૃપા-પ્રસાદથી તને પુત્ર ઉત્પન્ન થશે.' દુર્વાસાઋષિની વાત સાંભળીને પૃથા (કુંતી)ને ભારે કુતૂહલ થયું. તેણે એકાંતમાં જઈને ભગવાન સૂર્યનું આવાહન કર્યું. સૂર્યદેવે આવીને તત્કાળ ગર્ભસ્થાપન કર્યું. જેનાથી સૂર્ય સમાન તૈજસ્વી કવચ અને કુંડળ સાથે એક સર્વાંગ સુંદર બાળક ઉત્પન્ન થયો. કલંકથી ભયભીત થઈને કુંતીએ તે બાળકને છુપાવીને

નદીમાં વહાવી દીધો. અધિરથે તેને કાઢ્યો અને પોતાની પત્ની રાધા પાસે લઈ જઈને તેને પુત્ર બનાવી દીધો. તે બંનેએ તે બાળકનું નામ વસુષેણ રાખ્યું હતું. તે જ પાછળથી કર્ણના નામે પ્રસિદ્ધ થયો. તે અસ્ત્ર-વિદ્યામાં ખૂબ પ્રવીણ અને વેદાંગોનો જ્ઞાતા થયો. તે ખૂબ જ ઉદાર, સત્ય, પરાક્રમી અને બુદ્ધિમાન હતો. જ્યારે તે જપ કરવા બેસતો, તે સમયે બ્રાહ્મણ તેની પાસે જે માંગે તે જ તે આપી દેતો હતો.

એક દિવસની વાત છે. કર્ણ જપ કરી રહ્યો હતો. દેવરાજ ઈન્દ્ર તમામ પ્રજા અને પોતાના પુત્ર અર્જુનના હિત માટે બ્રાહ્મણનો વેશ લઈને તેની પાસે આવ્યા અને તેમણે તેના શરીર સાથે ઉત્પન્ન થયેલાં કવચ અને કુંડળ માગ્યાં. કર્ણે પોતાના શરીર પરથી ચોટેલા કવચને ઉખાડીને અને કુંડળ ઉતારીને આપી દીધાં. તેની આ ઉદારતાથી પ્રસન્ન થઈને ઈન્દ્રે તેને એક શક્તિ આપી અને કહ્યું કે 'હે અજિત! તમે આ શક્તિ દેવતા, મનુષ્ય, ગંધર્વ, સર્પ, રાક્ષસ અથવા જે કોઈના ઉપર ચલાવશો, તેનો તત્કાળ નાશ થઈ જશે.' ત્યારથી તે વૈકર્તનના નામે પ્રસિદ્ધ થયો. તે શ્રેષ્ઠ યોદ્ધો, દુર્યોધનનો મંત્રી, સખા અને શ્રેષ્ઠ મહાપુરુષ હતો. તે સૂર્યના અંશથી ઉત્પન્ન થયો હતો. દેવાધિદેવ સનાતન પુરુષ નારાયણ ભગવાનના અંશથી વાસુદેવ શ્રીકૃષ્ણ અવતર્યા. મહાબળી બળદેવજી શેષના અંશ હતા. સનત્કુમારજી પ્રદ્યુમ્ન થયા. યદુવંશમાં બીજા પણ ઘણા દેવતાઓ મનુષ્યરૂપે અવતર્યા હતા. ઈન્દ્રની આજ્ઞા પ્રમાણે અપ્સરાઓના અંશથી સોળ હજાર સ્ત્રીઓ ઉત્પન્ન થઈ હતી. રાજા ભીષ્મકની પુત્રી રુક્મિણીના રૂપમાં લક્ષ્મીજી અને દ્રુપદને ત્યાં યજ્ઞકુંડમાંથી દ્રૌપદીના રૂપે ઈન્દ્રાણી ઉત્પન્ન થયાં. કુંતી અને માદ્રીના રૂપમાં સિદ્ધિ અને ધૃતિનો જન્મ ઉત્પન્ન થયો હતો. થયો હતો. તેઓ જ પાંડવોનાં માતા થયાં. મતિનો જન્મ રાજા સુબલની પુત્રી ગાંધારીરૂપે થયો હતો. આ પ્રમાણે દેવતાઓ, અસુરો, ગંધર્વો, અપ્સરાઓ અને રાક્ષસો પોતપોતાના અંશથી મનુષ્યરૂપે ઉત્પન્ન થયા હતા.

## ભજન

**ખુશી ભગવાનભાઈ ભરોડિયા** (પાલડી)

નામ હે તેરા તારણહારા, કબ તેરા દર્શન હોગા,
જીનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા - વો કિતના... નામ હે તેરા...
તુમને તારે લાખો પ્રાણી યે સંતો કી વાણી હૈ
તેરી છવિ પર મેરે ભગવન યે દુનિયા દિવાની હૈ
ભાવ સે તેરી પૂજા રચાઉ જીવન મેં મંગલ હોગા
જીનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા - વો કિતના... નામ હે તેરા...
સુરવર મુનિવર જીનકે ચરણો મેં, નિસદીન શીશ ઝુકાતે હૈ
જો ગાતે હે પ્રભુ કી મહિમા, વો સબકુછ પા જાતે હૈ
અપને કષ્ટ મિટાને કો તેરે ચરણો મેં વંદન હોગા
જીનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા - વો કિતના... નામ હે તેરા...
મન કે મુરાદે લેકર સ્વામી તેરે ચરણ મે આયે હૈ
હમ હે બાલક તેરે ચરણ મે, તેરે હી ગુણ ગાતે હૈ
ભવ સે પાર ઉતરને કો તેરે ગીતો કા સંગમ હોગા
જીનકી પ્રતિમા ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા - વો કિતના... નામ હે તેરા...

### મણકો ૮૬ મો : ''મીઠી વાણી અને સદાચરણ વ્યક્તિને લોકપ્રિય બનાવે.''

સ્વામી દયાનંદ સરસ્વતીના પ્રવચનોમાં અમીરચંદ નામની એક વ્યક્તિ ગીત ગાતી હતી. તેનો અવાજ સુરીલો હતો અને તે જ્યારે પણ ગીત ગાતો ત્યારે ખૂબ જ તન્મયતાથી ગાતો હતો. તેને સાંભળીને શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. અમીરચંદના ભાવપૂર્ણ ગીતોએ સ્વામીજીને પણ તેના ચાહક બનાવી દીધા હતા અને તેઓ તેને કાયમ પ્રોત્સાહન આપતા હતા.

એક વખત તેમના પ્રવચન પછી જ્યારે અમીરચંદ ગીત ગાઈને જતો રહ્યો તો કેટલાક લોકોએ અમીરચંદના આચરણ વિશે ફરીયાદ કરી. સ્વામીજીને નવાઈ લાગી પણ જ્યારે તેમણે તેની તપાસ કરી તો તેમને ફરીયાદ સાચી લાગી. તેમણે જાણવા મળ્યું કે અમીરચંદ લાંચ લે છે, નશો કરે છે અને તેની પત્નીને પણ ત્યજી દીધી છે. બીજા દિવસે જ્યારે અમીરચંદે ગીત ગાયાં પછી સ્વામીજી પાસેથી જવાની આજ્ઞા માગી તો સ્વામીજી બોલ્યા, ''તારો અવાજ તો કોયલ જેવો છે પણ આચરણ કાગડા જેવું કેમ છે''

અમીરચંદ વાતનો અર્થ સમજી અને તેણે સારી વ્યક્તિ બન્યા પછી જ સ્વામીજીને મળવાનો નિશ્ચય કર્યો. સૌથી પહેલાં તેણે લાંચ લેવાનું બંધ કર્યું પછી તેણે નશાનો પણ ત્યાગ કર્યો. ઉપરાંત, તે જાતે જ પત્નીના ઘરે ગયો અને તેને આદર સાથે પરત લઈ આવ્યો અને આજીવન તેના પ્રત્યે નિષ્ઠાવાન રહેવાનો સંકલ્પ કર્યો. ત્યાર પછી તે સ્વામીજીને જઈને મળ્યો અને તેમણે તેને આશીર્વાદ આપ્યા.

જો વાણીમાં સરસ્વતી હોય અને આચરણ રાવણ જેવું હોય તો પ્રતિકૂળતા અપયશ જ અપાવે છે. તેથી મીઠીવાણી અને સદાચરણનો સમન્વય જ વ્યક્તિને લોકપ્રિય બનાવે છે. ■

### મણકો ૮૭ મો : ''સત્સંગ એ મનનો મેલ ધોવાની કાર્યશાળા છે.''

આપણો બે પરિસ્થિતિઓમાં કોઈ વ્યક્તિની આલોચના કરીએ છીએ; પહેલી, જ્યારે આપણી પાસે નિર્ણય લેવાનો કોઈ અધિકાર હોય ત્યારે અને બીજી, ઈર્ષાથી ઉત્પન્ન થાય ત્યારે. જૈન મુનિ તરૂણસાગરજી ખૂબ જ તાર્કિક વ્યાખ્યા કરે છે. આલોચક કાતર જેવા છે અને પ્રશંસકો સોય જેવા છે. કાતર કાપવાનું કામ કરે છે તેથી દરજી તેને પોતાના પગ પાસે રાખે છે, જ્યારે સોય જોડવાનું કામ કરે છે તેથી તેને શટના કોલરમાં કે ટોપીમાં ખોસીને રાખે છે. દુનિયાને કાપનારા લોકોને સમયાંતરે કચડી નાંખવામાં આવે છે અને દુનિયાને જોડનારાને ભેટવામાં આવે છે કે માથે બેસાડવામાં આવે છે.

આપણે જ નિર્ણય કરવો જોઈએ કે આપણે કાપવાનું કામ કરવું છે કે જોડવાનું. આલોચના મનને અપવિત્ર કરે છે. વસ્ત્રો ગંદા થઈ જાય તો તેને સાબુથી ધોઈ શકાય છે. પણ જો મન ગંદુ થઈ જાય તો તેને ધોવા માટે સત્સંગ કરવો પડે છે. સત્સંગથી જ મન સાફ થાય છે. મંદિરે માત્ર કપડાં બદલીને નહીં, પણ પોતાનું મન પણ બદલીને જવું જોઈએ. પ્રભુ કપડાં નહીં, ભક્તના મનને જુએ છે. સત્સંગ સુધારણાની એક કાર્યશાળા છે. તેની પ્રક્રિયા ઉપરથી નીચે તરફ હોવી જોઈએ. જયારે આપણે ભગવાન બાહુબલીના મસ્તકનો અભિષેક કરીએ છીએ ત્યારે તે ઉપરથી નીચે જાય છે. લોકો બીજા પાસે સુધારાની અપેક્ષા રાખે છે, પણ પોતાનામાં પરિવર્તન કરવાની કોઈની તૈયારી નથી. આલોચક બનવાથી તેમના અહંકારને સંતોષ મળે છે પણ તે જાતે ક્યારેય નથી સુધરતા. ■

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ આકરૂ, તા. ધંધુકા, હાલ ધોળકા, સ્વ. ભૂપતસિંહ છનુભા જાદવ (ઉ.૭૭) સંવત ૨૦૮૧ આસો વદ-૯ ને બુધવાર તા.૧૫-૧૦-'૨૫ ના રોજ માધવ શરણ પામેલ છે.

શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

# આત્મા એક અદ્વૈત છે અને બીજું બધુ દ્વૈત છે

કૃષ્ણાબેન જી. સવાણી
(નવાનાવડા)

(ગતાંક થી ચાલુ)

**-: ઓમકારનું પરમાર્થ સ્વરૂપ :-**

સ્થાવર જંગમરૂપ જે અસંગ, અદ્વય, અસંસારી, નિત્ય મુક્ત, નિર્ભય, બ્રહ્મરૂપ જે ૐ કારનું પરમાર્થ સ્વરૂપ તે હું છું એવું ચિંતન કરવાથી જ્ઞાન ઉદય પામે છે. માટે જ્ઞાન દ્વારા મુક્તિ ફળ આપનારું આ ઓમકારનું નિર્ગુણ ઉપાસન છે તે સર્વથી ઉત્તમ છે.

**-: ૐ કાર અને મહાવાક્યના અર્થની એકતા :-**

(૧) સ્થૂળ ઉપાધિવાળું ચેતન અ કારનું વાચ્ય છે. સ્થૂળ ઉપાધિરહિત ચેતન અ કારનું લક્ષ છે. (૨) સ્થૂળ ઉપાધિવાળું ચેતન ઉ કારનું વાચ્ય છે. સ્થૂળ ઉપાધિરહિત ચેતન ઉ કારનું લક્ષ છે. (૩) સ્થૂળ ઉપાધિ સહિત = ચેતન મ કારનું વાચ્ય છે. સ્થૂળ ઉપાધિરહિત ચેતન મ કારનું લક્ષ છે.

**-: નિર્ગુણ ઉપાસના જિજ્ઞાસુનું લક્ષણ :-**

જે જિજ્ઞાસુની વેદાંતના શ્રવણ, મનનરૂપ વિચારમાં પ્રવૃતિ થઈ હોય તેને તો વિચાર સિવાય બીજા સાધન કર્તવ્ય નથી જો કદાચિત તે વિચારશીલ પુરુષ વિચાર છોડીને બીજા સાધનમાં પ્રવૃત થાય તો તે 'આરૂઢ પતિત એટલે કે (ઊંચે ચઢીને નીચે પડેલો થશે.) અથવા કહેવાશે અગર તો તેને 'કર લોઢી' (એટલે કે મિષ્ટાન ગુમાવી હાથ ચાટનાર ગણાશે) માટે વિચારશીલ પુરુષે તો દઢ જ્ઞાન થતાં સુધી વિચારમાં જ પ્રવૃત્ત રહેવું.

**-: તરંગ પાંચમો સમાપ્ત :-**

**-: તરંગ છટ્ઠો :-**

**-: સ્વપ્નનું અધિષ્ઠાન :-**

(૧) પહેલા પક્ષમાં સાક્ષી ચેતન સ્વરૂપનું અધિષ્ઠાન છે. (૨) બીજા પક્ષમાં એ બ્રહ્મચેતન સ્વપ્નનું અધિષ્ઠાન છે. આ રીતે અંતઃકરણ અથવા અવિદ્યાનું પરિણામ અને ચેતનનું વિવર્ત સ્વપ્ન છે. (૧) અન્ય દોષ રહિત કેવળ અવિદ્યાજન્ય વ્યવહારિક કહેવાય છે. (૨) અને સાદિ આદિ દોષ સહિત અવિદ્યા જન્ય (એટલે તુલા વિદ્યા જન્ય) પ્રાતિભાસિક કહેવાય છે.

**-: ત્રિસતાવાદીનો મત :-**

ઈશ્વરના રચેલા બહાર છે તે પ્રમાતા અને પ્રમાણનો વિષય છે. પ્રમાણ વડે પ્રમાતા તેમને પણ જાણી શકે છે. અંદરના મનોમય દેહ વગેરે જ જીવને સુખ-દુઃખનું કારણ છે. બહારના ઈશ્વર રચીત પદાર્થો સુખ-દુઃખના હેતુ નથી માટે અંદરના મનોમય પદાર્થોની નિવૃત્તિ મુમુક્ષુને જરૂરની છે. બહારની સૃષ્ટિ સુખ-દુઃખનો હેતુ નથી માટે તેની નિવૃતિની જરૂર નથી.

**જીવ સૃષ્ટિ જ સુખ દુઃખની હેતુ છે.**
**ઈશ્વર સૃષ્ટિ સુખ-દુઃખની હેતુ નથી.**
**જીવ સૃષ્ટિ પ્રાતિભાસિક છે.**
**ઈશ્વર સૃષ્ટિ વ્યવહારિક છે.**

ચેતનનની પરમાર્થિક સતા છે. તેનાથી ભિન્ન તમામ અનાત્મ પદાર્થોની પ્રાતિભાસિક સતા છે જાગ્રત અને સ્વપ્નના પદાર્થોમાં લગારે પણ વિલક્ષણતા સિદ્ધ થતી નથી. ભાષ્યકારે તથા સૂત્રકારે પણ દેશકાળની સૃષ્ટિ કહી નથી. તેમાં તૈતરિય ઉપનિષદનેશ્રુતિનો અને સૂત્રકાર તથા ભાષ્યકારનો આવો અભિપ્રાય છે. આકાશાદિ પ્રપંચની ઉત્પતિ દેશકાળ વગેરે સામગ્રી વગર જ થાય છે. તેથી આકાશાદિ પણ સ્વપ્નની જેમ મિથ્યા જ છે.

**-: બ્રહ્મનું કારણ પણ અન્યથા ખ્યાતિથી દેશકાળમાં પ્રતીત છે. :-**

(૧) જ્યાં બે પદાર્થનો સંબંધ છે ત્યાં એકના ધર્મની બીજામાં પ્રતીતી થાય છે. અને તેથી ત્યાં

અન્યથા ખ્યાતિ પણ સંભવે નહિ. (૨) જ્યાં બે પદાર્થનો સંબંધ છે. ત્યાં અન્યથા ખ્યાતિ નહિ પણ અનિર્વચનીય ખ્યાતિ છે,

**જાગ્રતનો પ્રપંચ સામગ્રી વીના જ થાય છે માટે સ્વપ્નની જેમ મિથ્યા જ છે.**

આ રીતે દેશ કાળ અને સામગ્રી વીના જાગ્રત પ્રપંચની ઉત્પતિ થાય છે. સ્વપ્નની જેમ જાગ્રત પણ મિથ્યા છે. વળી, જેમ સ્વપ્નમાં સ્ત્રી-પુત્ર આદિ સ્વપ્નમાં જ સુખ દુઃખના હેતુ છે. જાગ્રતમાં તેનો અભાવ છે. તેમ જાગ્રતના પદાર્થોનો સ્વપ્નમાં પણ અભાવ હોય છે માટે બંને સમાન છે.

**-: અવિદ્યાનું બે પ્રકારનું પરિણામ :-**

અવિદ્યાના તમોગુણ અંશનો ઘટાદિ વિષયરૂપ પરિણામ થાય છે અને અવિદ્યાના સત્વગુણ અંશનો જ્ઞાન રૂપ પરિણામ થાય છે.

**-: વ્યાપક ચેતન અને વૃતિજ્ઞાનમાં ભેદ :-**

વૃતિમાં ચેતનના આભાસનું ગ્રહણ કરવાની યોગ્યતા હોવાથી વૃતિ અવિચ્છિન્ન ચેતનને જ્ઞાન કહે છે અને સાક્ષી પણ કહે છે. ઘટાદિક વિષયમાં આભાસનું ગ્રહણ કરવાની યોગ્યતા નથી. તેથી વિષય અવિચ્છિન્ન ચેતનને જ્ઞાન નથી અને સાક્ષી પણ જ્ઞાન નથી.

**-: જાગ્રતના પદાર્થોનો પરસ્પર કાર્ય કારણ ભાવ નથી :-**

જાગ્રતના પદાર્થોમાં આ પહેલા જોયેલા પદાર્થો છે. એવું પ્રત્યભિસ હતુ તેવું જ્ઞાન ઊંઘમાંથી જાગેલા પુરૂષને થાય છે એ જ્ઞાન નદીના પ્રવાહ જેવુ. દિવાની જ્યોત જેવું, આકાશના તારાની સ્થિતિ જેવુ અને વૃક્ષના ફળ જેવું ભ્રામક છે.

તમામ પદાર્થો પરમાત્માથી જ ઉપજ્યા છે. માટે તેનું વિવર્ત છે જે જેનું વિર્વત હોય તે તેનું જ સ્વરૂપ હોય છે. માટે તમામ નામરૂપ બ્રહ્મથી જુદુ નથી પણ બ્રહ્મ જ છે. એ અર્થ સમજાવવાનો શ્રૃતિએ સૃષ્ટિનું કથન કર્યું છે. સૃષ્ટિ કથન કરવાનું બીજું કોઈ પ્રયોજન નથી.

**-: દૃષ્ટિ સૃષ્ટિ વાદ :-**

દૃષ્ટિ એટલે અવિદ્યાનું વૃતિરૂપ જ્ઞાન તે જ્ઞાન થતાની સાથે જ સૃષ્ટિ એટલે પ્રપંચની ઉત્પતિ તેનું જે કથન તેને દૃષ્ટિ સૃષ્ટિ વાદ કહે છે. તેને જ અજાતવાદ કહે છે.

**નિત્ય મુકત ચેતનમાં અવિદ્યાના પરિણામથી એવો ભ્રમ થાય છે.**

પહેલા કહેલા સિદ્ધાંતમાં બંધ, મોક્ષ, વેદ, ગુરુ એ બધા માન્ય રાખેલા નથી. પણ ચેતન નિત્ય મુક્ત છે.

અવિદ્યના પરિણામ રૂપે ચેતનમાં અનેક પ્રકારના વિવર્ત (જુદાં જુદાં નામરૂપની પ્રતીતી થાય છે.) તેથી આત્મારૂપ ચેતનની હાનિ થતી નથી. આત્મા શુદ્ધ, સદા અસંગ, એકરસ છે. આજ સુધી કોઈ મુક્ત થયો નથી થવાનો નથી કેમ કે ચેતન નિત્ય મુક્ત છે. અવિદ્યા અને પરિણામનો ચેતન સાથે કોઈ સંબંધ નથી. માટે બંધ મોક્ષ, વેદ, ગુરુ, શ્રવણાદિક સાધનો, સમાધિ એ સર્વની પ્રતિતિ પણ સ્વપ્નની પેઠે અવિદ્યા જન્ય છે માટે મિથ્યા જ છે.

**-: જ્ઞાનીને જગત છે કે નહિ :-**

જેને જ્ઞાન થાય છે તેને જગત દેખાતું નથી. બીજાને દેખાય છે અર્થાત્ તે જગતને અસત્ જુએ છે અને બીજાઓ સત જુએ છે. તે જ્ઞાનનું સાધન વેદ તથા ગુરુ છે. તેના વડે પરમ સત્યની પ્રતીતી થાય છે.

**-: હું કોણ છું તેવા પહેલા પ્રશ્નનો ઉત્તર :-**

(૧) જેનામાં દુઃખ હોય તે દુઃખની નિવૃતિ અને સુખની પ્રાપ્તિ માટે ક્રિયા કરે છે અને તે કર્તા કહેવાય છે. તારામાં દુઃખ નથી તેથી દુઃખની નિવૃતિ માટે તું ક્રિયાનો કરનાર નથી. તું આનંદ સ્વરૂપ છે. માટે સુખની પ્રાપ્તિ માટે પણ તું ક્રિયાનો કર્તા નથી.

જે કર્તા નથી તે ભોક્તા પણ નથી. જે કર્તા હોય તે જ ભોક્તા હોય છે. પુણ્ય પાપની ઉત્પતિ કરનાર જે કર્મ છે તેના કર્તા અને ભોક્તા સૂક્ષ્મ, સ્થૂળ સમુદાય છે તું નથી. તું તો સમુદાયનો સાક્ષી છે.

(વધુ આવતા અંકે)

રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી
(પીપળીયા)

(ગતાંકથી ચાલુ...)

**હસવાનો અધિકાર માત્ર માણસને :-** દુનિયામાં ચોર્યાસી લાખ યોનિઓ માનવામાં આવી છે, જેમાં માત્ર મનુષ્ય જ હસી શકે છે. કૂતરાં, બિલાડાં કે ગધેડાંને હસતાં જોયાં છે ક્યારેય? કોઈ પણ પ્રાણી પાસે હસવાની ક્ષમતા નથી. માત્ર મનુષ્ય પાસે હસવાની ક્ષમતા છે છતાં તે કેમ હસતો નથી ? લાગે છે કે બધાં જાનવરને જોઈને એનું પણ હાસ્ય વિસરાઈ ગયું છે! મનુષ્યે પોતાની સ્વાભાવિક સરળતા અને પવિત્રતાને વેડફી નાખી છે, પરિણામે હાસ્ય નાશ પામ્યું છે. કહેવાય છે કે એક માણસ જ એવો છે જે રડતાં-રડતાં જન્મે છે, ફરિયાદ કરતાં-કરતાં જીવે છે અને પશ્ચાત્તાપ કરી-કરીને મરે છે. આવું શા માટે? કારણ કે હસવાનું વિસરાઈ ગયું છે. ખૂબ હસો. હાસ્યને રોકવાની કોશિશ ન કરશો, નહિ તો હાસ્ય મરી જશે, માટે દરેક પરિસ્થિતિમાં હસો.

**फूल बनकर मुस्कुराना जिंदगी है,**
**मुस्कुराकर गम भुलाना जिंदगी है;**
**सफलता पर खुश हुए तो क्या हुआ ?**
**हारकर खुशियाँ मनाना जिंदगी है।**

કવિ કહે છે કે હારીને પણ હસતા રહો, પરંતુ આપણે તો જીતીને પણ રડ્યા કરીએ છીએ. બધું જ મેળવ્યા પછી પણ આપણે દુઃખી છીએ.

**સ્વર્ગ-નર્ક :** ઘણા લોકો પૂછે છે : 'સ્વર્ગ અને નર્ક ક્યાં છે ?' આ પૃથ્વી ઉપર જ, બીજે ક્યાં? તમારે સ્વર્ગ જોવું હોય તો મર્યા પછી ઉપર જવાની જરૂર નથી. જે ઘરમાં દરેક સભ્યનો ચહેરો હસતો-ખીલતો હોય તો સમજી લો, સાચું સ્વર્ગ ત્યાં જ છે. ઉપરવાળા સ્વર્ગમાં તો સંઘર્ષ અને ધમાલ પણ છે એવું સાંભળ્યું છે. અને તમારે જો નર્ક જોવું હોય તો મર્યા પછી નીચે જવાની જરૂર નથી. જે ઘરમાં કોઈનો ચહેરો હસતો ન હોય, બધાં મોં ચઢાવીને બેઠાં હોય તો સમજી લો, સાચું નર્ક ત્યાં જ છે. સ્વર્ગ અને નર્ક માનવીના મનની બે વિપરીત દશાઓ છે. અભાવમાં પણ જે પ્રસન્ન રહે એનું નામ સ્વર્ગ અને બધું હોવા છતાં અભાવને કલ્પીને જે દુઃખી રહે એનું નામ નર્ક.

હસવાની એક રોચક વાત યાદ રાખજો : જો તમે રડશો, તો તમારી સાથે કોઈ નહિ રડે, પણ જો તમે હસશો તો તમારી સાથે બધાં હસશે. હસવાથી હાસ્યનો વિસ્તાર થાય છે.

**વર્તમાનમાં જીવે તે પ્રસન્ન રહે :** કાલની ચિંતામાં તમે આજના હાસ્યને ન ગુમાવશો. કોઈએ કહ્યું છે :

**कल का दिन किसने देखा, आज का दिन खोए क्यों ? जीन घड़ियों में हस सकते हैं, उन घडियों में रोये क्यों ?**

આવતી કાલ તમારામાંથી કોઈએ જોઈ છે? કોઈ પણ મનુષ્ય એટલો સર્વજ્ઞ નથી જેને ખબર હોય કે આવતી કાલે શું થવાનું છે. જો આવતી કાલની ખબર નથી તો પછી શા માટે તેની ચિંતામાં આજનો દિવસ બગાડવો જોઈએ? જે ઘડીએ આપણે હસી શકીએ છીએ, એ ઘડીએ હસવાને બદલે કાલની ચિંતામાં રડવું શા માટે ? જે આજની, અત્યારની, વર્તમાનની ક્ષણમાં જીવવાનું શીખી લે છે એના ભાગ્યમાં સદા પ્રસન્નતા જ જોવા મળશે, પરંતુ તનાવ, ચિંતા અને પરિસ્થિતિઓના દબાણને લીધે માનવીએ પોતાનું અમૂલ્ય હાસ્ય ગુમાવી દીધું છે.

**ભૂતકાળને ભૂલી જાઓ :** સહજ સ્મિત માટે જરૂરી છે કે માનવી પોતાના ભૂતકાળના કડવા અનુભવો અને પ્રસંગોને ભૂલી જાય. પ્રતિકૂળ વાતો અને પ્રસંગોને મનમાંથી કાઢી નાખવાની આદત પાડો. હૃદયને વિશાળ બનાવો. સંકુચિત મન અને હૃદય ધરાવતા લોકો ન તો પોતે પ્રગતિ કરી શકે છે કે ન તો બીજાને શાંતિથી આગળ વધવા દે છે. બીજાને પ્રગતિના પંથે જોઈ તમારું કંઈ લૂંટાતું નથી. માટે બીજાની ભૂલોને ભૂલી જવામાં જ પોતાનો લાભ છે. સહજ સિમિત માટે એ પણ જરૂરી છે કે જે મળ્યું છે એમાં ખુશ રહેતાં શીખો.

હંમેશાં યાદ રાખવા જેવું છે કે પળભરનું

હાસ્ય લાંબા કાળથી પાળેલાં દુઃખનો નાશ કરી નાખે છે. જે કોઈ પણ તમને મળે, સૌથી પહેલાં તમારું નિર્દોષ હાસ્ય એની સામે વરસાવો. પ્રસન્નતા તો ચંદન છે. બીજાના માથા પર લગાવશો તો તમારી આંગળીઓ પણ સ્વયં મહેકી ઊઠશે. પ્રસન્નતા પ્રકૃતિ દ્વારા મળેલી ભેટ છે. એની કોઈ કિંમત નથી, છતાં એનું મૂલ્ય સર્વોચ્ચ છે. તમે સાંભળ્યું હશે : Smile a lot. It costs nothing and it is beyond price.

**નકલી જિંદગી :** હસવામાં હંમેશાં વિવેક જાળવવો જોઈએ. બીજાની ભૂલ પર ક્યારેય ન હસવું જોઈએ. હસવાની મર્યાદા ઓળંગવાથી જ મહાભારત યુદ્ધ થયું હતું. પોતાની ખુશીમાં અવશ્ય હસો. એક બહેન પગથિયા પરથી લપસીને પડી ગયાં. એ જોઈને એમની નાની બહેન હસવા લાગી. પેલાં બહેને પૂછ્યુંઃ 'હું પડી ગઈ એમાં તું આટલું બધું હસે છે શા માટે ?' તેમની નાની બહેને કહ્યુંઃ 'મેં સાંભળ્યું છે કે હસવું એ જ જિંદગી છે.' પણ ના, અહીં હસવું એ જિંદગી નથી, અહીં હસવું એ મર્યાદાભંગ છે. આવી સ્થિતિમાં સહાનુભૂતિ દાખવવી જોઈએ.

ઘરમાં મહેમાન આવે ત્યારે સ્મિત કરીને તેમનું સ્વાગત કરો છોઃ 'પધારો, વેલકમ.' ઉપરથી બોલો છો : 'આવો તો વેલકમ' અને અંદરથી ઇચ્છો છોઃ 'જાઓ તો ભીડ કમ.' આજે આપણું હસવાનું પણ નકલી થઈ ગયું છે. મને લાગે છે કે આજના યુગમાં બધું જ નકલી થઈ ગયું છે. માણસનો વ્યવહાર પણ આજે ક્યાં અસલી છે? પહેરવામાં, ખાવામાં, વિચારવામાં, જીવવામાં, ધર્મમાં - દરેક જગ્યાએ નકલ જ ચાલી રહી છે.

**खाना खाने बैठा तो खाना भी नकली निकला; पानी पीने बैठा तो पानी भी नकली निकला; आखिर जिंदगी से तंग आकर जहर खाकर सो गया; सुबह उठकर देखा तो ज़हर भी नकली निकला।**

સમગ્ર જીવન નકલનો પર્યાય બની ગયું છે. બધેય માત્ર દેખાદેખી ચાલી રહી છે. એક વાર એક વ્યક્તિએ મને કહ્યું : 'મને દુઃખ પછી સુખ મળે તો બહુ સારું લાગે.' મેં તેને પૂછ્યુંઃ 'કેવી રીતે? જરા ચોખવટથી વાત કરો તો ખબર પડે.'

એણે કહ્યુંઃ ''ઘરમાં મહેમાન આવે ત્યારે બહુ દુઃખ થાય છે, પણ જેવું એ કહે કે હું જમીને આવ્યો છું, ત્યારે બહુ જ સુખ થાય છે.'' આ છે દુઃખ પછી મળનારું સુખ...!.

**સાસુ-વહુ માટે એક પ્રયોગ :** સાસુ અને વહુ માટે ઘરમાં કરવા જેવો એક પ્રયોગ છે. સાસુ રોજ સવારે ઊઠીને વહુનો ચહેરો જુએ અને વિચારે કે મારા કારણે વહુને કોઈ ચિંતા કે તનાવ તો નથી ને? જો આવું કંઈ જણાય તો તેને કહેઃ 'બેટા, તને કોઈ ચિંતા છે? મારાથી કોઈ ભૂલ થઈ ગઈ હોય તો હું તારી માફી માગું છું.' એવી જ રીતે વહુ પણ સાસુનો ચહેરો જુએ અને વિચારે કે તેના વર્તનથી તેનાં સાસુ તનાવમાં તો નથી ને? જો આવું કંઈ જણાય તો તેમની માફી માગે. આમ કરવાથી ઘરમાં કદી ઝઘડા નહિ થાય. ઘર સ્વર્ગથી પણ સુંદર બની જશે.

**હસવાના લાભ :** હાસ્યનો ચમત્કાર એ છે કે તમે દવાઓ ખાતાં હશો તો તે છૂટવા લાગશે; તમને ઊંઘ નહિ આવતી હોય તો તે આવવા લાગશે; તનાવ, ચિંતા અને નિરાશા મૂળથી જ જતાં રહેશે; ચહેરા પર વિશેષ ચમક આવશે; આંખો પવિત્ર પ્રેમથી છલકાવા લાગશે; આક્રમક કામો અને વિધ્વંસાત્મક પ્રવૃત્તિઓમાં જે શક્તિ વેડફાય છે એ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પરોવાશે. પ્રસન્નચિત્ત માણસે આજ સુધી દુનિયામાં કોઈનું કંઈ ખરાબ કર્યું હોય એવું સાંભળ્યું નથી. તમારાં મન અને હૃદયની અભૂતપૂર્વ માલિશ થશે. શરીરમાં લોહીનું પરિભ્રમણ સારી રીતે થવા લાગશે. ઘડપણ આવશે તોપણ યૌવનથી ભરપૂર હશે. તમારું વ્યક્તિત્વ કૃત્રિમ પ્રદર્શન વિના બીજાને આકર્ષિત કરશે. તમારી હસવાની ક્ષમતા એટલી વિકસિત કરો કે તમને જોઈને ઉદાસ વ્યક્તિ પણ પોતાની ઉદાસી ત્યાગવા પ્રેરાય. ઘણો વખત ઉદાસી ભોગવી, કંઈ હાથમાં ન આવ્યું. હવે આ ટેવ છોડો. હાસ્યને જીવન બનાવી દો.

(વધુ આવતા અંકે)

# ક્રોધ એક પ્રકારનું તોફાન છે

નરશીભાઈ વાલજીભાઈ વઘાસિયા
પીપળીયા (હાલ : સુરત)

ક્રોધ કદી કરવો નહીં, ક્રોધ એ ક્ષણિક પાગલપન છે. ક્રોધ પોતાને જ બાળી નાખે છે. ક્રોધ અગ્નિજ્વાળા છે, એ પોતાને દઝાડે છે, પણ એ સાથે બીજાને પણ દઝાડતી હોય છે. સંસારમાં થતા મોટાભાગના અપરાધો ક્રોધાવસ્થામાં થાય છે. શાંત અને પવિત્ર મન ક્યારેય ક્રોધ કરવાનો વિચાર કરતું નથી. રોષ, ધૃણા, તિરસ્કાર, ઈર્ષા, નિંદા વગેરે દુર્ગુણો ક્રોધના પરિવારજનો છે. ક્રોધનું કારણ મનનો ઉદ્વેગ છે. ઉદ્વેગ ઉત્પન્ન કરનારી ક્રિયાઓ જ્યારે ઊભી થાય છે, ત્યારે મનના તરંગો પણ ઉદ્વેગ પામે છે. જેના કારણે ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ આવવાના અનેક કારણો હોય છે. માણસનું અપમાન થાય, પોતે કહેલી વાત કોઈ માન્ય ન રાખે, જો પોતાની ઈચ્છા પૂર્ણ ન થાય, કોઈ ચીજ વસ્તું તૂટે-ફુટે, ધંધામાં નુકસાની જાય. પોતાના ધાર્યા પ્રમાણે પરિણામ ન આવે, આવા અનેક કારણોસર માણસો ક્રોધીત થાય છે. ક્રોધ વિનાશ તરફ લઈ જઈ જીવનનું પતન કરી નાખે છે. મનમાં કોઈપણ કામનાઓ, ઈચ્છાઓ ઉત્પન્ન થાય અને પૂર્ણ ન થાય તો મનમાં જે તે પ્રત્યે નકારાત્મક ભાવો ઉત્પન્ન થાય અને ક્રોધ ઉત્પન્ન થાય છે. આને શાસ્ત્રોએ મનોરોગમાં ગણેલો છે. મનુષ્ય જરા જેટલી વાતમાં ક્રોધના આવેશમાં આવી જઈને માનસિક શાંતિ ડોળી નાખે છે. ક્રોધ એક પ્રકારનું તોફાન છે. એ આવે છે ત્યારે વિવેક નષ્ટ કરી નાખે છે. ક્રોધને સમયસર વશ કરવામાં ન આવે તો ક્રોધ આપણને વશ કરી દે છે. ક્રોધવેશમાં આવીને આપણે જે કૃત્ય કરીએ તેની ભયંકર સજા ભોગવવી પડે છે. ક્રોધ તો હળહળતા વિષ કરતાય ભયંકર છે. ક્રોધનો પ્રશ્ન બહુ મોટો છે. તેનાથી મગજ - મન- ઈન્દ્રિયો-હૃદય અતઃસ્ત્રાવ ગ્રંથિઓ ઉપર પણ ભયંકર અસર થાય છે. ક્રોધને કારણે માણસની સ્મરણશક્તિ કમજોર બને છે. ક્રોધને કારણે હાર્ટએટેક પણ આવી શકે છે. બીપી પણ વધે છે. ક્ષણવારનો ક્રોધ ભવિષ્ય બગાડે છે. ક્રોધ અને વાવાઝોડુ બંને સરખા, શાંત થયા પછી ખબર પડે કે કેટલું નુકસાન થયું. ક્રોધરૂપી અગ્નિથી દાઝેલી વ્યક્તિને ક્યાંય પણ શાંતિ મળતી નથી. બને ત્યાં સુધી ગુસ્સો અને ઘાંટા પાડવાનું બંધ કરો. ગુસ્સાથી મગજમાં શરીરને નુકસાન કરે એવો હોર્મોન નીકળે છે, જેનાથી શરીરને નુકસાન થશે. ક્રોધ સજ્જન માણસને સંતોને પણ આવી જાય છે. પણ એ ઝડપભેર ઉતારવો. ક્રોધ કદી કાયમી દુશ્મનાવટ કે પૂર્વગ્રહમાં ફેરવવો જોઈએ નહીં, કાયમી ક્રોધ મગજનું અલ્સર છે, એટલે એને પકડીને દુ:ખને આમંત્રણ ન દેવું, સજ્જન માણસનો ક્રોધ એક ક્ષણ ટકે છે, અસાધારણ માણસનો બે કલાક, નીચ માણસનો એક દિવસ અને મહાપાપીનો ક્રોધ મરતા સુધી રહે છે. મનની ઉત્તેજનાથી ક્રોધ, ઈર્ષા વગેરેનો જન્મ થાય છે. ક્રોધ એ મનનો વિકાર ગણવામાં આવે છે. ભગવત ગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે - **કામાત્ક્રોધઽભિજાયતે ।**

**ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ સમ્મોહાસ્મૃતિવિભ્રંઃ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ॥**

ગુસ્સાનો આરંભ ભલે જુસ્સાથી થતો હોય પરંતુ એનો અંત તો પશ્ચાતાપથી જ આવતો હોય છે. વિનમ્રતા એ એક એવો ગુણ છે. જે સામેની વ્યક્તિના દૂધ જેવા ઉભરાતા ગુસ્સાને ઠારી દે છે. ક્રોધ મનમાંથી ઉત્પન્ન થાય છે. માટે મનને સ્થિર કરવા સતત ઈશ્વરનું મનન કરતા રહેવું જોઈએ. ક્રોધને શાંત કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે તમારું ધ્યાન તેનાથી હટાવો અને તેને બીજે ક્યાંક કેન્દ્રિત કરો. ક્ષમા અને સંતોષની ભાવનાથી ક્રોધરૂપી દુર્ગુણ દૂર થતા હોય છે. બીજાના દોષો જોવાનું બંધ કરવાથી ક્રોધ ઉત્પન્ન થશે નહીં. ક્રોધને જીતવો અઘરો જરૂર છે, પરંતુ અશક્ય નથી. ક્રોધ જીતવા માટે સૌથી વધુ સહાયક મૌન છે. દરરોજ દસ-પંદર મિનિટ મૌન રહેવાનો અભ્યાસ કરીએ તો ક્રોધને જીતવાની શક્તિ આપોઆપ ખીલતી જાય છે. કોઈપણ કારણસર ક્રોધ આવે ત્યારે આંખો બંધ કરી દસવાર પોતાના ઈષ્ટદેવનું નામ સ્મરમ કરવું.

ક્રોધના ત્રણ પ્રકારો છે. સાત્વિક ક્રોધ, તામસિક ક્રોધ અને રાજસિક ક્રોધ. સંતો મહાત્માઓના ક્રોધ સાત્વિક ક્રોધ હોય છે. તેમાં તેઓનો સ્વાર્થ હોતો નથી. તેઓ ક્રોધ કરે છે તેમની પાછળ તેની શુભ ભાવના રહેલી હોય છે. માતા-પિતા પોતાના બાળકો પ્રત્યેના ક્રોધ તેમની મમતા અને શુભ લાગણી કારણભુત હોય છે. જે સામેની વ્યક્તિના કલ્યાણ માટેનો હેતુ પૂર્ણ હોય છે. સાત્વિક ક્રોધ કલ્યાણકારી હોય છે. મનના તમોગુણની ઉત્તેજનાથી પ્રગટ થતો ક્રોધ તામસિક ક્રોધ છે. જે વિનાશક હોય છે. જે પોતાના માટે તથા જેના પર ક્રોધ આવે તેનું પતન કરે છે. દુષ્ટો, વેરી મનુષ્યો તથા તામસિ પ્રકૃતિવાળાનો ક્રોધ તામસિક હોય છે. તામસિક ક્રોધ હાનિકારક નિવડે છે. આવા ક્રોધથી શું કરવું? શું ન કરવું? શું સારુ? શું ખરાબ? આની સમજ જતી રહે  છે. વિવેક રહેતો નથી. રાજસિ ક્રોધ ચંચળ છે. ચંચળ મનથી આ ક્રોધ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થાય છે અને થોડા સયમાં ચાલ્યો જાય છે. સમજ આવવાથી તે શાંત પડી જાય છે.■

(૯) એક સિદ્ધાંત છે કે જે આરંભે અને અંતે હોય છે, તે મધ્ય (વર્તમાન)માં પણ હોય છે તથા જે આરંભે અને અંતે નથી હોતું તે મધ્યમાં પણ હોતું નથી. જેમ શરીર અને સંસાર પહેલાં પણ ન હતાં અને પછી પણ રહેશે નહીં તથા વચ્ચે પણ તે હરઘડી બદલાઈને નાશની તરફ જઈ રહ્યાં છે એટલે કે તે હરઘડી મરી રહ્યાં છે, તેમનો હરઘડી અભાવ થઈ રહ્યો છે. પરંતુ શરીરી (શરીરવાળો) અને પરમાત્મતત્ત્વ પહેલાં પણ હતા, પછી પણ રહેશે તથા વચમાં પણ જેવા ને તેવા વિદ્યમાન છે.

જે આરંભે અને અંતે નથી, તેનું 'નથી-પણું નિત્ય-નિરંતર છે તથા જે આરંભે અને અંતે છે, તેનું 'છે'પણું (હોવાપણું) નિત્ય-નિરંતર છે. જેનું 'નથી'પણું નિત્ય-નિરંતર છે. તે 'અસત્' છે અને જેનું 'છે'-પણું નિત્ય-નિરંતર છે તે 'સત્' છે. અસત્ની સાથે આપણો નિત્યવિયોગ છે અને સત્ની સાથે આપણો નિત્યયોગ છે.

સુખ-દુઃખ, હર્ષ-શોક, રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે આવવા-જવાવાળા, બદલાવાવાળા છે, પણ સત્તા એટલે કે સ્વરૂપ જેવું ને તેવું રહેવાવાળું છે. સાધકથી આ એક બહુ મોટી ભૂલ થાય છે કે તે બદલાવાવાળી દશાને જુએ છે, પણ સત્તાને દેખતો નથી; દશાનો સ્વીકાર કરે છે, પણ સત્તાને સ્વીકારતો નથી. દશા પહેલાં પણ ન હતી અને પછી પણ રહેશે નહીં; આથી વચ્ચે દેખાવા છતાં પણ તે છે નહીં. દશાને કારણે જ સત્તાનો આરંભ, અંત તથા મધ્ય કહેવાય છે. દશા કદી એકરૂપ રહેતી જ નથી અને સત્તા કદી અનેકરૂપ થતી જ નથી. જે દેખાય છે, તે પણ દશા અને જે દેખવાવાળી છે, તે પણ દશા છે. જાણમાં આવવાવાળી પણ દશા છે અને જાણવાવાળી પણ દશા છે. સત્તામાં ન દેખાવાવાળું છે, ન દેખવાવાળો છે. ન જાણમાં આવવાવાળું છે, ન જાણવાવાળો છે; ન સમજવાવાળું છે, ન સમજાવવાવાળો છે. ન શ્રોતા છે, ન વક્તા છે. આ દેખાવાવાળું-દેખવાવાળો વગેરે બધા દશાની અંતર્ગત છે. દેખાવાવાળું અને દેખવાવાળો વગેરે તો રહેશે નહીં, પણ સત્તા રહેશે; કેમ કે દશા તો નાબૂદ થઈ જશે, પણ સત્તા રહી જશે.

નવાઈની વાત છે કે જે નથી, તેની આપણે કામના કરીએ છીએ; જેની સત્તા જ નથી, તેનાથી ભયભીત થઈએ છીએ. સુખ રહેતું નથી, પણ એની કામનાને આપણે પકડી રાખીએ છીએ. દુઃખ રહેતું નથી; પણ તેના ભયને આપણે પકડી રાખીએ છીએ. આ કેટલી અણસમજની વાત છે ! સુખની ઈચ્છાથી જ દુઃખનો ભય લાગે છે. જીવવાની ઈચ્છાને કારણે જ મરવાનો ભય લાગે છે. જો ઈચ્છા ન રહે તો ન તો દુઃખ રહેશે, ન દુઃખનો ભય રહેશે અને ન મરવાનો ભય રહેશે. ઈચ્છાની નિવૃત્તિ થતાં જ જિજ્ઞાસાની પૂર્તિ થઈ જાય છે એટલે કે કંઈ કરવાનું, જાણવાનું અને પામવાનું બાકી નથી રહેતું.

સુખ પાપોનું કારણ નથી, પણ સુખની ઈચ્છા પાપોનું કારણ છે. સુખની ઈચ્છા જ નરકોનું દ્વાર છે. સુખદાયી પરિસ્થિતિને રાખવામાં સૌ પરતંત્ર છે, પણ સુખની ઈચ્છાને છોડવામાં સૌ સ્વતંત્ર છે. સુખની ઈચ્છાને છોડવામાં મહાવરો નથી, બલકે વિવેક છે, જે વર્તમાનની વસ્તુ છે. જેને રાખવામાં આપણે પરતંત્ર છીએ, તેને આપણે છોડવા નથી ચાહતા અને જેને છોડવામાં આપણે સ્વતંત્ર અને સમર્થ છીએ, તેની ઈચ્છાને રાખવા ચાહીએ છીએ-આનાથી મોટી ભૂલ બીજી કઈ હશે? આ ભૂલ જ બંધનનું, સઘળાં પાપોનું, દુઃખ, પીડા, નરક વગેરેનું કારણ છે.

જે નથી તેને 'છે' માનીને તેને પામવાની કે નષ્ટ કરવાની ઈચ્છા કરવી અને તેનાથી ભયભીત થવું અસત્નો સંગ છે. તેની ઉપેક્ષા કરવાની છે, દશાને ન દેખીને સત્તાને દેખવી એ સત્નો સંગ ગણાય. ■

## ❁ પ્રભુમય સ્થિતિ પ્રાપ્ત કરવામાં મનના અંતરાયો-૮

ધ્રુવી વિપુલભાઈ સોનાણી (રતનપર)

જ્યાં સુધી જગત છે, દેહ છે, ત્યાં સુધી ગમે ત્યાં જાઓ તોપણ ઉપાધિ તો રહેવાની જ; પણ આપણા મનની ત્રાક સીધી રાખીએ તો પછી ગમે ત્યાં હોઈએ તોપણ ઉપાધિ હોવા છતાં ઉપાધિરહિત રહી શકાય. અલબત્ત મનથી માની લીધેલા સંજોગો ઊભા થતા હોય તો સરળતા વિશેષ મળે છે. જેમ આપણે રાતે ઊંઘમાં સૂઈ જઈએ તેમ જાગ્રતમાં પણ સૂઈ જતાં શીખવું જોઈએ. થોડી થોડી વારે આંખો બંધ કરી કોઈ પણ સંકલ્પ ઊઠવા દેવો નહિ. જેમ આસપાસનો બાધો સંસાર જેમનો તેમ હોય છતાં ઊંઘમાં ઊંઘી ગયા કે કશી જ. અસર થતી નથી, તેમ જાગ્રતમાં આંખો બંધ કરી મનને સંકલ્પરહિત કરવાથી આનંદ જ રહે છે. મનનું ચક્ર ચાલતું અટક્યું એટલે તરત સંસારનું ચક્ર અટક્યું જ જાણો. મન એ જ સંસાર છે, મને જ બધી કલ્પના કરી ઉપાધિ ખડી કરી છે, ઉપાધિ હોવા છતાં ઉપાધિરહિત સમજવું અને અનુભવવું એમાં જ ખરી ખૂબી છે. નિદ્રાવસ્થા મૃત્યુઅવસ્થાને મળતી અવસ્થા છે. નિદ્રામાં આટલો બધો આનંદ છે, તો મૃત્યુમાં આપણે જ્યારે હમેશ માટે ઊંઘી જઈશું તો કેટલો બધો આનંદ થશે? એ આનંદ પણ ક્યારે થશે? જો મનને ઉપાધિરહિત કરવાની ટેવ હશે તો. મનને ઉપાધિરહિત કરવાને માટે આંખો બંધ કરી વિચાર કરવો કે, તારે દુઃખ છે જ ક્યાં? તું ઊંઘમાં સૂઈ જાય છે ત્યારે તારે માતા-પિતા, ભાઈ-બહેન, સગાંસંબંધી, શત્રુ-મિત્ર, ઘરબાર છે જ ક્યાં? એ સૌ તો ત્યાંના ત્યાં જ છે પણ તને તેનો વિચાર નથી માટે તને તેનું દુઃખ પણ નથી. તો હવે પણ વિચાર કર. એ સૌ તારાં નથી અને તું એમનો નથી. ઊંઘમાંથી તું જાગ્યો; પહેલાં 'હું' કર્યું અને પછી 'મારું' કહી, 'તારું' ઉત્પન્ન કર્યું. આથી જ તું સુખી-દુઃખી થઈ ગયો. તારે તો જન્મ, મરણ, સુખ, દુઃખ, પાપ, પુણ્ય, હર્ષ, શોક કાંઈ નથી, એમ વારંવાર અર્ધે અર્ધે કલાકે વિચાર કરતા રહેવું જોઈએ. બધા મહાપુરુષો એની એ જ વાત કહે છે. ફક્ત આપણા મનની નબળાઈને લઈને આપણે એ પ્રમાણે વિચારતા નથી અને નાહક હેરાન થઈ ગયા છીએ.

શરીરને ભૂલવામાં મજા છે. જેટલું એ યાદ આવે તેટલું જગત અને તેના સંબંધો યાદ આવે અને જગતને સત્ય મનાવી નાહક ઉપાધિ ખડી થાય છે. અખો ભગત કહે છેઃ 'ત્યાં થાવાને જાવા નથી, સારમાંથી સાર કાઢ્યું મથી.' જગતને ઉત્પત્તિ-સ્થિતિવાળું માન્યું કે દુઃખ ખડું થયું અને શાંતિમાં ભંગ થયો. દરેક ચીજ, સંબંધને ભૂલ્યે જ છૂટકો છે અને તેમ કરવા માટે કોઈ પણ કામમાં ગૂંથાઈ જવું, કામ કરતાં વિચાર આવે તો વિચારને કહેવું કે, હાલ તમારી જરૂર નથી; છતાં વિચાર તો થોડાઘણા આવ્યા કરશે. પણ તેને ના કહેતા રહેવું-તોડતા રહેવું, એમ અભ્યાસ કરતા રહેવાથી થોડો વખતે વિચાર બંધ થઈ જશે. દરરોજ થોડો મહાવરો તો જારી રાખવો જ. એ દરરોજનો મહાવરો વિષમ સંજોગોમાં સહાયભૂત થાય છે.

પોતાની દરરોજની મનોવૃત્તિનો રાતે સૂતાં પહેલાં હિસાબ લેવો જ જોઈએ. સંતોના કહ્યા પ્રમાણે થોડા જ માણસો મહાવરો કરે છે અને જેમણે તેમ કર્યું છે અને કરે છે, તેઓ આજે વિષમ સંજોગોમાં પણ આનંદ કરે છે. પરમાત્મામાં-સ્વરૂપમાં રહેવાથી જે ડહાપણ, શાંતિ આવે છે, તેવું જગતની નકામી બાબતોમાંથી કાંઈ મળતું નથી; ઊલટું, હૃદય પર જે ઓપ ચડ્યો હોય છે તે ઊતરી જાય છે. એટલા માટે જગતના વિચારોમાંથી નિવૃત્તિ મેળવી આત્માનંદના વિચારોમાં પ્રવૃત્તિ કરવી, જેથી પ્રભુમય સ્થિતિ પ્રાપ્ત થાય છે અને આવતા મનના અંતરાયો દૂર થાય છે. ■

### ॥ શ્રધ્ધાંજલી ॥

**ગામ અધેવાડા, તા. જિ. ભાવનગર, સ્વ. ત્રિભુવનભાઈ લવજીભાઈ ગાંગાણી (ઉ.૯૫) સંવત ૨૦૮૧ આસો સુદ-૬ ને રવિવાર તા. ૨૮-૦૯-૨૦૨૫ ના રોજ માધવ શરણ પામેલ છે.**


**શ્રી સદ્‌ગુરુ ભગવાન જીવાત્માને પરમ શાંતિ આપે. શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ



પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી માધવાનંદજી મહારાજ



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

## ભાવનગર શહેરના આંગણે

# ૧૪૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ

**ભાવનગર શહેરથી લી. પરમ પૂજ્ય સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સમસ્ત સેવકોનાં જય શ્રી સચ્ચિદાનંદ વાંચજો.**

**જયશ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદ થાય છે કે સચ્ચિદાનંદ પરમાત્માની અસીમ કૃપાથી આ વર્ષે અનન્તકોટી બ્રહ્માંડનાયક આર્ય-દિવાકર યતીન્દ્રવર્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો '૧૪૫' મો નિર્વાણ જયંતિ મહોત્સવ સંવત ૨૦૮૨ ના માગશર વદ સાતમને ગુરૂવાર તા. ૧૧-૧૨-૨૦૨૫ ના રોજ ભાવનગર શહેર આગણે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.**

**તો આ પ્રસંગે સંતો-મહંતો-મહામંડલેશ્વરો તથા વિદ્વાન્ મહાપુરૂષો પધારશે, તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન, અર્ચન, દર્શન તથા આશિર્વચનનો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યુ આમંત્રણ છે, તો અવશ્ય લાભ લેવા પધારશોજી.**

**:: આયોજક ::**

## સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, ભાવનગર

**મહોત્સવ સ્થળ**

## ''શ્રી માધવધામ''

**જવેલ્સ સર્કલથી ઈસ્કોન કલબ વાળો રોડ, ઈસ્કોન કલબથી કાળીયાબીડ તરફ જવાનો રસ્તો, શ્રી બાબુભાઈ રોહીશાળા વાળા નો વંડો, ભાવનગર**

**સંપર્ક સુત્ર**

**વી.ડી. પટેલ મો. ૯૪૨૬૨૧૦૧૪૯, રમણીકભાઈ મચાણી મો. ૯૪૨૬૨૦૫૦૪૬**
**હર્ષદભાઈ મોણપરા મો. ૯૯૭૯૮૮૪૫૦૯, ગણેશભાઈ પવાસીયા મો. ૯૮૯૮૨૧૩૨૮૨**

# ૧૪૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ કાર્યસુચિ

## શોભાયાત્રા

તા. ૧૦/૧૨/૨૦૨૫ ને બુધવારે બપોરે ૩:૦૦ કલાકે
શ્રી માધવાનંદ આશ્રમથી એરપોર્ટ રોડથી બાઈક-કાર રેલી દ્વારા રામમંત્ર મંદિર જશે.
અને રામમંત્ર મંદિર થી વાજતે ગાજતે પગપાળા માધવધામ પહોંચશે.

## તા. ૧૧/૧૨/૨૦૨૫ ને ગુરૂવાર

પ્રાતઃ કાલ : ૫.૦૦ થી ૬.૦૦ પ્રભાતિયા

સવારે : ૬.૦૦ થી ૭.૩૦ શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ

સવારે : ૭.૩૦ થી ૮.૩૦ ચા-પાણી નાસ્તો

સવારે : ૮.૩૦ થી ૯.૩૦ શ્રી સદ્‌ગુરૂ પૂજન

સવારે : ૯.૩૦ થી ૧૦.૦૦ સંતોનું સ્વાગત-સન્માન

સવારે : ૧૦.૦૦ થી ૧૨.૩૦ મહાપુરૂષોનું પ્રવચન-શ્રદ્ધાંજલિ વિષય-ગુરૂભક્તિ
મહાપ્રસાદ : ૧૨-૩૦ થી ૨-૦૦

## બપોરે

મહાપ્રસાદ : ૧૨-૩૦ થી ૨-૦૦

ભજન-કીર્તન : ૨-૦૦ થી ૩-૦૦

સંતોના પ્રવચન (ગુરૂભક્તિ) : ૩-૦૦ થી ૫-૩૦

આરતી-ધોળ : ૫-૩૦ થી ૬-૦૦

## સાંજે

ભોજન તથા સેવક પરિવાર મિલન : ૬-૦૦ થી ૮-૦૦
પ્રાર્થના-કીર્તન- પ્રવચન-ધૂન-ગરબી : ૮-૦૦ થી ૧૨-૦૦





## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ

- તા. ૬-૧૧-૨૦૨૫ - નાપાડ પધારશે.
- તા. ૮-૧૧-૨૦૨૫ - નાપાડ થી નાવલી પધારશે.
- તા. ૯-૧૧-૨૦૨૫ - નાવલી થી ખડોળ પધારશે.
- તા. ૧૧-૧૧-૨૦૨૫ - ખડોળ થી હળદરી પધારશે.
- તા. ૧૨-૧૧-૨૦૨૫ - હળધરી થી કંથારીયા પધારશે.
- તા. ૧૪-૧૧-૨૦૨૫ - કંથારીયા થી આંકલાવ પધારશે.
- તા. ૧૬-૧૧-૨૦૨૫ - આંકલાવ થી આસોદર પધારશે.
- તા. ૧૭-૧૧-૨૦૨૫ - આસોદર થી ધર્મજ પધારશે.
- તા. ૧૯-૧૧-૨૦૨૫ - ધર્મજ થી વડદલા પધારશે.
- તા. ૨૧-૧૧-૨૦૨૫ - વડદલા થી નાર પધારશે.
- તા. ૨૩-૧૧-૨૦૨૫ - નાર થી ચાણોદ પધારશે.
- તા. ૨૪-૧૧-૨૦૨૫ - ચાણોદ થી ભાવનગર પધારશે.
- પરમપૂજ્ય વામીશ્રી માધવાનંદ મહારાજશ્રીનો ૧૪૫ મો નિર્વાણ જયંતિ મહોત્સવ. પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની અધ્યક્ષતામાં તા.૧૧-૧૨-૨૦૨૫ ના રોજ ભાવનગર શહેરમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.
- તા. ૧૨-૧૨-૨૦૨૫ - ચાણોદ પધારશે.
- તા. ૨૧-૧૨-૨૦૨૫ - ચાણોદ મુકામે - ૩૮મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, શિબિર (સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦) સ્વ. ભાનુભાઈ ચુનીભાઈ પટેલ નારવાળા હસ્તક ગં.સ્વ. સરલાબહેન ભાનુભાઈ પટેલ નારવાળાના સહયોગથી યોજાશે.

## સુવિચાર

માણસનો સૌથી મોટો દુશ્મન એનો ક્રોધ છે. જો માણસ ક્રોધ ઉપર વિજય હાંસલિ કરી લે તો એપોતાના જીવનનો બીજો ભગવાન બની જાય અને ક્રોધ ઉપર વિજય હાંસિલ કરવો અશક્ય વસ્તુ નથી. તમને જ્યારે પણ ક્રોધ આવે ત્યારે ચૂપ થઈ જવું, એક જગ્યા ઉપર બેસીને ઊંડા શ્વાસ લો અને એક ગ્લાસ ઠંડુ પાણી પી જવુ અને અગિયાર વાર મનમાને મનમાં ઓમ નમઃશિવાય જાપ કરો. પછી વિચારો કે તમે જેના પર ક્રોધ કરવા જઈ રહ્યા છો તેનો સંબંધ મોટો છે કે તમારો ક્રોધ અને ક્રોધ કરવાથી શુ આજીવન શાંતિ થઈ જવાની છે? બસ આટલુ વિચારીને આગળનું પગલુ ભરો. વ્યક્તિ ક્રોધના સમયે જો તરત જ નિર્ણય ના લે અને થોડીવાર બોલવાનું બંધ કરી દે તો એ ક્રોધની શક્તિઓ ઓછી થઈ જાય છે. ક્રોધ અને મોહ આ બન્ને ભાઈઓ છે જે ઘરોમાં વેર-ઝેર વધારવાનુ કામ કરે છે. કોશિશ કરો કે આ બન્ને ભાઈઓને તમારા ઘરનું સરનામુ ક્યારેય ના મળે.




સૌજન્ય

**સ્વ. બેચરભાઈ દામજીભાઈ પવાસિયાના સ્મરણાર્થે**
**હ. જવાહરભાઈ બેચરભાઈ પવાસિયા**
**ગામ : ચમારડી**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2025
POSTRAL REGI. NO. SRT-771/2023-25
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

Printed Book




BOOK POST

If Not Delivered Please Return To :-

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

પૃષ્ઠ ૨૦ + ૪ = ૨૪

Published by Swami Shri Jagdishanand Sagarji Maharaj on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1 Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published.from Sachchidanand.Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Laxmanbhai Jerambhai Sonani.

Price per Copy Rs. 50/-